# जैन धर्म प्रकाश.

भो भद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दूष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सत्स्वप्यस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्युयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्र! निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः। तन्न युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमलजंबालं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त संज्ञानादिगुण[illegible]संचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. શ્રાવણ. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૬. અંક ૫ મો.

## परस्त्री गमन निषेधक पद.

ગોકુલ મથુરાંરે વહાલા—એ રાગ.

પરસ્રી તજીએ રે ભાઈ, સ્વર્ગ અર્ગળા નરકની ખાઈ;
વ્યભિચારીને રે પ્યારી, પર રમણીથી રમવા જારી. પર૦ ૧
મસીનો કુચડો રે ભૂંસે, નિજ કુળમાં વ્યભિચારી હોંશે;
પરસ્રી સંગે રે હાની, પાપ થાય પૈસાનું પાણી. પર૦ ૨
તૃપ્તિ ન ઘરમાં રે પાવે, તો પરસ્રી સેવે શું થાવે?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂખ નવ ભાંગે રે ભાણે, શ્વાન એઠ ચાટી સુખ માણે. પર૦ ૩
નિત્ય નિત્ય નવલા રે વેષે, ચોરતણી પેરે પરઘર પેસે;
સાજન મારે રે વાંકે, હડકાયા કુતરાં પેરે ડાંકે. પર૦ ૪
જપ નવ જરીએ રે એને, દશ અવસ્થા કામની જેને;
દુષ્ટને રાજા રે ચૂરે, દંડ કરી કારાગ્રહ પૂરે. પર૦ ૫
કોઇ નહિ પાસે રે રાખે, ઘર સોંપે ન ભરોસા પાખે;
ઠરીય ન બેસે રે ઠામે, ચકલે ચઉટે અપયશ પામે. પર૦ ૬
ન્યાત જાતમાં રે ભુંડો, ઘટે આબરૂ કહે સૌ કુડો;
ટેવ એ તજીએ રે ભુંડી, **સાંકળચંદની** શિક્ષા રૂડી. પર૦ ૭

# मोह निवारण पद.

દેખો ભાઇ મોહ વિકળ સંસારી—(એ ટેક)
દુઃખિત અનાદિ મોહકે કારણ, રાગ દ્વેષ ભ્રમ ભારી. દે૦ ૧
હિંસા આરંભ કરત સુખ સમજે, મૃષા બોલ ચતુરાઇ;
પરધન હરત સમર્થ કહાવે, પરિગ્રહ વધત બડાઇ. દે૦ ૨
વચન રાખે કાયા દ્રઢ રાખે, મીટે ન મન ચપળાઇ;
યાતેં હોત ઓરકી ઓર, શુભ કરણી દુઃખદાઇ. દે૦ ૩
યોગાસન કર પવન નિરોધે, આત્મદૃષ્ટિ ન જાગે;
કથન કથીત મહંત કહાવે, મમતા મૂલ ન ત્યાગે. દે૦ ૪
આગમ વેદ સિદ્ધાન્ત પાઠ સુનિ, હીયે આઠ મદ આને;
જાતિ લાભ બલ કુલ તપ વિદ્યા, પ્રભુતા રૂપ બખાને. દે૦ ૫
જડસું રાચે પરમ પદ સાધે, આતમ શક્તિ ન સૂઝે;
વિનય વિવેક વિચાર દ્રવ્યકો, ગુણ પર્યાય ન બૂઝે. દે૦ ૬
જશવાલે જશ સુણી સંતોષે, તપવાળે તપ શોષે;
ગુણવાળે પરગુનકું દોષે, મતવાળે મત પોષે. દે૦ ૭
ગુરૂ ઉપદેશ સહજ ઉદયાગત, મોહ વિકળતા છૂટે;
શ્રીનયવિજય વિબુધ પય સેવક, અચલ અક્ષય નિધિ લુંટે. દે૦ ૮

આ પદમાં મોહથી વિકળ-બ્હાવરા બની ગયેલા, મુંઝાઈ ગયેલા કે ઉન્મત્ત થઇ ગયેલા સંસારી જીવનું ચિત્ર આળેખેલું છે. ત્રણ ગાથા સુધીમાં તેની મસ્તી ગાઈ બતાવી છે. (૧-૩)

ચોથી ગાથાથી મોહવશ થયેલા મહંત ગણાતાનું ચિત્ર છે. (૪-૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે સહજ શુભ ( પુણ્ય ) ઉદયથી ગુરૂમહારાજનો સદુપદેશ મળી જાય છે ત્યારે જીવની અનાદિ મોહ વિકળતા છૂટી જવાનો વખત આવી મળે છે. જે ભવ્યાત્મા સદ્દગુરૂનો ઉપદેશ યથાવિધ શ્રવણ કરી તેનું મનન, નિદિધ્યાસન કરીને તેમાંથી સત્ય માર્ગ ગ્રહણ કરી લે છે તે પોતાના પ્રબળ પુરૂષાર્થથી સમસ્ત દોષનો અંત કરી અંતે અક્ષય-અવિચળ સુખ સાધે છે. ૮ ઇતિશમ્.

# ज्ञानसार सूत्र विवरण.

## ॥ २२ ॥ भव–उद्वेगाष्टकम्

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

જે મહાશયો શુભાશુભ કર્મનું સ્વરૂપ યથાર્થ લખી તેમાં લેશરૂપ આયાસ વગર ભવઉદ્વેગ યા વૈરાગ્યવડે સર્વત્ર સમભાવે રહે છે તે મહાનુભાવો ગમે તેવા ઉપસર્ગથી ડગ્યા વગર મોક્ષમાર્ગમાં આગળ પ્રયાણ કરે છે. એ ભવઉદ્વેગનું શાસ્ત્રકાર વર્ણન કરે છે.

यस्य गंभीरमध्यस्या–ज्ञानं वज्रमयं तलं ॥
रुद्धा व्यसनशैलौघैः पंथानो यत्र दुर्गमाः ॥ १ ॥

ભાવાર્થ—કર્મ વિપાકને સમ્યક્ ચિંતવતો મુનિ ભવથી ઉદ્વિગ્ન-ઉદાસી થયો છતો જેને તરી પાર જવા પ્રતિદિન પ્રયત્ન કર્યા કરે છે તેજ ભવસમુદ્રનું સ્વરૂપ પ્રથમ કહે છે.—જેનો મધ્ય ભાગ બહુ ઉંડો છે-જન્મ મરણાદિક જન્ય અનંત દુઃખરૂપ જલરાશીથી જે અથાગ ભરેલો છે તથા જેનું અજ્ઞાન રૂપ વજ્રમય તળું છે—અજ્ઞાન અવિવેક યા મિથ્યા ભ્રમના આધારેજ જેની સ્થિતિ ટકી રહેલી છે અર્થાત્ અજ્ઞાનના જોરથીજ ચાર ગતિ યા ૮૪ લક્ષ જીવાયોનિમાં પુનઃ પુનઃ અવતરવા રૂપ સંસાર ભ્રમણ થયાં કરે છે. તેમજ વળી આધિ, વ્યાધિ અને ઉપાધિ જન્ય અનેક કષ્ટરૂપી પર્વતોથી જેની વાટ વિષમ છે—આવી વિષમ સ્થિતિવાળા ભવમાં જીવને પરિભ્રમણ કરવું પડે છે, છતાં અજ્ઞાન વશવર્તી જીવો તેથી ઉદ્વિગ્ન-વિરક્ત થતા નથી. ૧

पातालकलशा यत्र, भृतास्तृष्णामहानिलैः ॥
कषायाश्चित्तसंकल्प–वेलावृद्धिं वितन्वते ॥ २ ॥

ભાવાર્થ—વળી જેમાં તૃષ્ણારૂપી તોફાની પવનથી ભરેલા ક્રોધાદિ કષાયોરૂપી ચાર મોટા પાતાલકલશા વિવિધ વિકલ્પરૂપી વેળાની વૃદ્ધિ કરે છે; અર્થાત્ સંસારી જીવો તૃષ્ણાતરંગમાં તણાતા છતાં વિષય-કષાયને વશ પડી, ચિત્તમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકલ્પ વિકલ્પોને પેદા કરી, પરમ દુઃખના ભાગી થાય છે, તેમ છતાં અજ્ઞાનના જોરથી તુચ્છ વિષયતૃષ્ણાને તજી અને કિલષ્ટ કષાયોને જીતી સુખસમાધિ સાધવા અલ્પ પણ પ્રયત્ન સેવી શકતા નથી. એવા અજ્ઞાની જીવો આપમતિથી અવળા ચાલી દુઃખદાવાનલમાં સ્વયં પચાય એમાં આશ્ચર્ય શું ? २

स्मरौर्वाग्निर्ज्वलत्यंत–र्यत्र स्नेहेन्धनः सदा ॥
यो घोररोगशोकादि–मत्स्यकच्छपसंकुलः ॥ ३ ॥

ભાવાર્થ—વળી જેમાં કામાગ્નિરૂપી વડવાનલ બળી રહ્યો છે, જે સ્નેહરૂપી ઇંધનથી સદા જાજ્વલ્યમાન રહે છે, અને ભયંકર રોગ શોકાદિ મચ્છ કચ્છપોથી જે ચોતરફ વ્યાપ્ત દીસે છે, એમ છતાં અવિવેકી જીવો તેમાંજ રતિ ધારણ કરી ઝંપલાય છે, પણ પ્રત્યક્ષ દુઃખરાશિથી મુક્ત થવા કંઇપણ પ્રયત્ન કરતા નથી. એથીજ આવા વિવેકશૂન્ય સંસારી જીવોની વારંવાર વિડંબના થયા કરે છે. ૩

दुर्बुद्धिमत्सरद्रोहै–र्विद्युदुर्वातगर्जितैः ॥
यत्र सांयात्रिका लोकाः, पतन्त्युत्पात संकटे ॥ ४ ॥

ભાવાર્થ—વળી દુર્બુદ્ધિ, મત્સર, અને દ્રોહરૂપી વિજળી, વંટોળીયા અને ગર્જારવવડે જેમાં જળયાત્રા (ભ્રમણ) કરનારા લોકો વિવિધ ઉત્પાતના સંકટમાં આવી પડે છે, છતાં જડ–યાત્રા[1] (પુદ્‌ગલ–પ્રેમ) ને તજી સ્વહિતાર્થે તન્મયપણે તીર્થ–યાત્રાદિક ધર્મકરણી કરતા નથી. આવા પુદ્‌ગલાનંદી જીવોને પરાધીનપણે અનેક આપદાઓ વેઠવીજ પડે છે. એમ સમજીને આત્મકલ્યાણ સાધવાને સમયજ્ઞ પુરૂષ શું કરે છે ? તે શાસ્ત્રકાર પોતેજ જણાવે છે. ૪

ज्ञानी तस्माद् भवांभोधे–र्नित्योद्विग्नोऽतिदारुणात् ॥
तस्य संतरणोपायं, सर्वयत्नेन कांक्षति ॥ ५ ॥

આવા ભયંકર ભવસમુદ્રથી અત્યન્ત ઉદ્વેગ પામેલો જ્ઞાની પુરૂષ તેને તરી પાર જવાનો ઉપાય સર્વ યત્નથી (કાળજીથી) આદરે છે. સમયજ્ઞ પુરૂષ આવા ભયંકર સંસારને તરવા પ્રમાદને તજી રત્નત્રયીનું સમ્યગ્ સેવન (આરાધન) કરે છે. ૫

तैलपात्रधरो यद्व–द्राधावेधोद्यतो यथा ॥
क्रियास्वनन्यचित्तः स्या–द्भवभीतस्तथा मुनिः ॥ ६ ॥

ભાવાર્થ–જેવી રીતે સંપૂર્ણ તેલના પાત્રને હાથમાં લઇ ચાલનાર માણસ તેમજ રાધાવેધને સાધનાર માણસ સાવધાનપણે વર્તે છે તેવીજ રીતે ભવભીરૂ મુનિ પણ સ્વચારિત્ર ક્રિયામાં સાવધાન થઇ વર્તે છે. જન્મ મરણના અનંત દુઃખથી બીધેલા–ભવભીરૂ મુનિજનો ધર્મકરણીમાં પ્રમાદશીલ થતાજ નથી પ્રત્યક્ષ પુદ્‌ગલિક સુખ–

૧ લ ને ડનું સમાનપણું હોવાથી જળયાત્રાનું જડયાત્રા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલતા તજીને, નિજ દેહને દમવા મુનિજનો તે કેમ ઉજમાલ થતા હશે? એવી શિષ્યની શંકાનું શાસ્ત્રકાર સમાધાન કરે છે. ૬

विषं विषस्य वन्हेश्च, वन्हिरेव यदौषधं ॥
तत्सत्यं भवभीताना–मुपसर्गेऽपि यन्नभीः ॥ ७ ॥

ભાવાર્થ—જેમ વિષનું ઔષધ વિષ છે, અને અગ્નિથી દગ્ધ થયેલાનું ઔષધ [1]અગ્નિજ છે તેમ ભવભીરૂ મુનિને ઉપસર્ગ સંબંધી દુઃખનો ડર લાગતોજ નથી. જેમ કોઇને સાપ કરડ્યો હોય ત્યારે તેને લીંબડો ચવરાવે છે, અને અગ્નિથી દાઝેલાને અગ્નિનોજ શેક કરે છે, તેમ જન્મ મરણનાં દુઃખથી ત્રાસ પામેલા મુનિજનો તે દુઃખને કાપવા માટે વિવિધ ઉપસર્ગ સંબંધી દુઃખને સમભાવે સહન કરે છે અને તેથી તેઓ ભવદુઃખથી મુક્ત થઇ શકે છે, એવી સંપૂર્ણ ખાત્રી થવાથીજ વિવિધ ઉપસર્ગ પરિસહાદિક સંબંધી દુઃખને સમયજ્ઞ મુનિઓ સ્વાધીનપણેજ સમભાવથી સહન કરવા તત્પર રહે છે. ૭

स्थैर्यं भवभयादेव, व्यवहारे मुनिर्व्रजेत् ॥
स्वात्मारामसमाधौ तु, तदप्यंतर्निमज्जति ॥ ८ ॥

ભાવાર્થ—ભવભીરૂપણાથીજ વિવેકવાન્ મુનિ ધર્મ વ્યવહારને સ્થિરતાથી સેવે છે. જન્મ મરણના ભયથીજ સમયજ્ઞ મુનિ વ્યવહાર માર્ગનું દૃઢ આલંબન લઈ નિશ્ચય માર્ગને સાધે છે. વીતરાગ પ્રણીત સ્યાદ્વાદ માર્ગનું સાવધાનપણે સેવન કરવા સમયજ્ઞ મુનિ લગારે ચૂકતા નથી તેનું મુખ્ય કારણ ભવભયજ છે. એમ સાધ્ય દૃષ્ટિથી શુદ્ધ વ્યવહારનું સેવન કરતાં કરતાં જ્યારે પોતાના આત્મામાં સહજ સમાધિ જાગે છે–જ્યારે સાક્ષાત્ આત્મ–અનુભવ જાગે છે ત્યારે ભવભય પણ અંતરમાં સમાઇ જાય છે. ૮ ઇતિશમ્.

વિવેચન—પ્રથમના ચાર શ્લોકમાં ભવરૂપી–સંસારરૂપી સમુદ્રનુંજ વ્યાખ્યાન કરેલું હોવાથી અને આ સંસાર તેજ કારણથી ઉદ્વેગના સ્થાનરૂપ સિદ્ધ થતો હોવાથી પ્રથમના ચાર શ્લોકનું વિવેચન ભેળું કરવામાં આવ્યું છે.

આ સંસાર કે જેમાં ક્ષણિક–અલ્પકાલીન સુખ પ્રાપ્ત થવાથી આ પ્રાણી આસક્ત થઇ રહ્યો છે તે સંસાર કેવો દુઃખથી ભરેલો છે તે પ્રથમના ચાર શ્લોકમાં બતાવવામાં આવ્યું છે. તેની અંદર સંસારને સમુદ્રની ઉપમા આપવામાં આવી છે. આ પ્રત્યક્ષ દેખાતો સમુદ્ર પણ એટલો બધો ભયંકર છે કે જેની અંદર હજારો ઉતારૂઓથી ભરેલી સ્ટીમરો જોતજોતામાં ગર્ક થઈ જાય છે

૧ અગ્નિથી દાઝેલાને અગ્નિના શેકનો ઉપચાર કરવામાં આવે છે. અથવા ગરમ પદાર્થ લગાડવામાં આવે છે પણ બીજા રીત ઉપચાર ઉપયોગી થતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બીજા પણ અનેક પ્રકારના ઉત્પાતો પવનાદિકની પ્રેરણાથી થાય છે. અંદર પડેલા મનુષ્યાદિકને ભક્ષ કરી જનારા અનેક ક્રૂર જળજંતુઓ તેમાં રહેલા છે. અનેક ખડકો પ્રવહણ કે સ્ટીમરાદિકને ભગ્ન કરી નાખનારા આવેલા હોય છે. પાણીમાં ગુપ્તપણે ફરતા બરફના પર્વતો મોટી મોટી સ્ટીમરો સાથે અથડાઇ તેમાં બાંકોરા-ગાબડા પાડી દે છે અને તેને-તેની અંદર બેઠેલા ઉતારૂઓ તથા મોટી કિંમતના માલ સહીત તળીએ બેસાડી દે છે. સમુદ્રની અંદર અનેક જગ્યાએ એવા ભ્રમણો હોય છે કે તેની અંદર જો વહાણ સપડાઇ જાય તો પછી તેમાંથી નીકળીજ શકતું નથી, ત્યાંજ તેનો વિનાશ થાય છે. સમુદ્રમાં એક જાતનો અગ્નિ પણ ગુપ્તપણે રહેલો છે કે તે જ્યારે ઉઠે છે-જાગે છે ત્યારે મોટા મોટા યાનપાત્રોને ભસ્મ કરી નાખે છે અને પુષ્કળ જળનું પણ શોષણ કરે છે. સમુદ્રની અંદર ઉછળતા તરંગો હાલના આટ્લાંટિક મહાસાગરની જેમ મોટાં મોટાં વહાણો ને સ્ટીમરોને ઉંચે લઇ જઇને પાછી પછાડે છે. પવનવડે કરીને ભયંકર ગર્જારવ-ઘુઘવાટ તેમાં થયા કરે છે. કેટલીક વખત એવી અંધી થઇ જાય છે કે કઇ બાજુ વહાણ ચલાવવું તે પણ સમજી શકાતું નથી. આવી રીતે આ સમુદ્ર પણ એવો ભયંકર છે કે તેની ભયંકરતાનું ખરૂં ભાન પોતે બેઠેલ વહાણ કે સ્ટીમર જ્યારે તોફાનમાં સપડાય છે ત્યારેજ થઇ શકે છે: તેની ભયંકરતા કરતાં આ સંસારરૂપ સમુદ્રની ભયંકરતા અનેક ગુણી-અનંત ગુણી છે. આ સમુદ્ર તો બહુ કરે તો એક વાર પોતાના ઉદરમાં આપણને ખેંચી જઇ એકવાર પ્રાણવિનાશ કરે છે, પરંતુ સંસારરૂપ સમુદ્રમાં સપડાયેલા પ્રાણીઓનો તો અનંતા જન્મ મરણ કરતાં પણ અંત-પાર આવતો નથી. સંસારરૂપ સમુદ્રમાં પ્રત્યક્ષ જણાતા સમુદ્રમાં દેખાતા ખડકો, પવનો, તરંગો, અગ્નિ, જળજંતુઓ, ગર્જારવ, અંધકાર વિગેરેને સ્થાને શું શું છે તે ઉપરના ચાર શ્લોકના અર્થમાં બતાવવામાં આવ્યું છે તોપણ ફરીને ટુંકામાં બતાવવામાં આવે છે.

આ સંસાર સમુદ્રનું વજ્ર જેવું કઠીન અજ્ઞાનમય તળું છે; અર્થાત્ સંસાર અજ્ઞાનથી વ્યાપ્ત છે, તેમાં અનેક પ્રકારના વ્યસનો-કષ્ટોરૂપ ખડકો-પર્વતો છે કે જેનાવડે તેનો માર્ગ વિષમ થઇ પડેલો છે; અર્થાત્ સંસારની અંદર રહેલા અનેક પ્રકારના કષ્ટોથી પીડીત પ્રાણીઓ શુદ્ધ-સીધા માર્ગે ગમનાગમન કરી શકતા નથી. તેની અંદર વાંકાચુકો પણ સાધ્યસ્થાને-મોક્ષનગરે પહોંચાડે તેવો માર્ગ બતાવનાર પ્રવીણ કપ્તાનરૂપ ગુરૂ મહારાજાની ખાસ જરૂર છે, તે મળે તોજ પ્રાણી ધારેલા સ્થાને પહોંચી શકે છે, નહીં તો તેનું વહાણ કષ્ટોરૂપ ખડકો સાથે અપડાઇ ભગ્ન થઇ જાય છે ને તે સંસારમાં રૂળે છે. વળી તેમાં તૃષ્ણારૂપ મોટા પવન ભરેલા પાતાળ કળશાઓ છે કે જેનાવડે વિષય કષાયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્તમાં અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ ઉત્પન્ન કરી પ્રાણીને ભ્રમિત કરી દે છે. કામદેવરૂપ અગ્નિ તેમાં નિરંતર પ્રજ્વલિત છે અને તે સ્નેહરૂપ ઇંધનવડે દેદિપ્યમાન રહ્યા કરે છે. અર્થાત્ સંસારી જીવો નિરંતર કામાગ્નિથી બળેલા-દાઝેલાજ રહે છે; તેનો કામાગ્નિ કોઇ રીતે શાંત પડતોજ નથી. વળી સંસારરૂપ સમુદ્રમાં એવા રોગ શોકાદિ ભયંકર જળજંતુઓ રહેલા છે કે જે પ્રાણીઓને આખા ને આખા ગળી જાય છે, પોતાનું ભક્ષ કરી દે છે અર્થાત્ જીવ રોગ શોકાદિથી વ્યાપ્ત થઇ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. વળી દુર્બુદ્ધિ, મત્સર, દ્રોહ વિગેરે વિજળી સંયુક્ત માઠા પવનો તેમાં ઘુઘવાટ કરી રહેલા છે, પ્રાણી તે તે દોષોને આધીન વર્તી પોતાની ખરી સ્થિતિ ભૂલી જાય છે અને ઉન્માર્ગે પ્રવર્તે છે. એ સમુદ્રમાં પ્રવહણમાં બેઠેલા મનુષ્યો પણ નિરંતર ભયાકુળજ રહે છે. તેને ઉત્પાત-સંકટમાં પડતાં વાર વાગતી નથી. આ પ્રમાણે સંસારરૂપ સમુદ્ર અર્થાત્ આ સંસાર વિષય, કષાય, અજ્ઞાન, ભોગતૃષ્ણા, રોગ, શોક, વ્યસનો, દુર્બુદ્ધિ, મત્સર અને દ્રોહાદિકવડે વ્યાપ્ત હોવાથી અપરિમિત ભયંકર છતાં પણ આ પ્રાણી તેમાં એવો આસક્ત-લીન થઈ ગયો છે કે તેને તેમાં કાંઈપણ ભય લાગતો નથી. નિર્ભય થઇને તે તેમાં પડ્યો રહે છે. પરંતુ જ્યારે તે તેની અંદર રહેલા કોઇપણ પ્રકારના ઉત્પાતનો ભોગ થઇ પડે છે ત્યારેજ તેના નેત્રો કાંઈક ઉઘડે છે; પરંતુ તે ઉઘડેલા નેત્રો પણ પુદ્ગળાનંદી જીવોના પાછા મીંચાઈ જતાં વાર લાગતી નથી. જે જીવો અલ્પસંસારી હોય, માર્ગાનુસારીપણું પામ્યા હોય, સમકિત દૃષ્ટિ થયા હોય તેવા ખરેખરા ભવભીરૂ જનોના નેત્રોજ પાછા મીંચાતા નથી. તે તો પૂરેપૂરાં સાવધાન થઇ જાય છે અને સંસારને ખરેખરા રૂપમાં ઓળખી તેમાંથી છુટા થવા અહર્નિશ ચિંતવન કરે છે. તેમાંથી નીકળવાનો ખરો માર્ગ શોધી કાઢે છે અને પછી તે માર્ગે ચાલવા અવિચ્છિન્ન પ્રયત્ન કરે છે. તેને માટેજ પાંચમા શ્લોકમાં કહે છે કે–

"આ પ્રમાણે ભવસમુદ્ર અત્યંત ભયંકર હોવાથી જ્ઞાની તેનાથી ઉદ્વિગ્ન ચિત્તવાળા થઇને તેને તરવાનો ઉપાય સર્વ પ્રયત્નવડે ઇચ્છે છે."

આવી તીવ્ર ઈચ્છા થવાથી જ્ઞાનીઓ મોક્ષમાર્ગની શોધ કરે છે-સંસાર સમુદ્રથી કેમ પાર ઉતરાય ? તેને માટે બતાવેલા અનેક ધર્માધ્યક્ષોપ્રણિત માર્ગોમાંથી સર્વજ્ઞપ્રણિત મોક્ષમાર્ગને શોધી કાઢી તેને અંગીકાર કરે છે અને તેના આરાધનમાં એવા અનન્ય ચિત્તવાળા થાય છે કે જેમ મૃત્યુના ભયથી તેલથી ભરપૂર ભરેલા પાત્રને લઇને આખા નગરમાં ફરનારો મનુષ્ય તેમાંથી જરાપણ તેલબિંદુ બહાર ન પડવા માટે એકચિત્ત થઇ જાય છે અથવા તો રાધાવેધ સાધનાર ધનુષ્યધારી જેવો અવળા સવળા ફરતા ચક્રોમાંથી ઉપર રહેલી રાધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામની પુત્તલિકાના નેત્ર તરફ બાણ મારવા માટે એક ચિત્ત થઈ જાય છે. ૬

આવા ભવભીરૂ પ્રાણીઓ પરીસહ ઉપસર્ગાદિ દુઃખો સહન કરવાથી સાંસારિક દુઃખોથી મૂકાય છે, તે ઉપર દૃષ્ટાંત આપે છે કે જેમ વિષથી વિષનું નિવારણ થાય છે અને અગ્નિથી અગ્નિ બુઝાય છે તેમ સમભાવે સહન કરેલા દુઃખો અનેક પ્રકારના પૂર્વ કર્મોનો ક્ષય કરી પ્રાંતે સર્વ દુઃખોથી મુક્ત કરે છે. ઔષધિવડે મારેલું વિષ સ્થાવર જંગમ વિષને હણે છે અને અગ્નિ સામે અગ્નિ સળગાવવાથી પ્રથમનો અગ્નિ બુઝાઇ જાય છે. આ બંને દૃષ્ટાંતો અનુભવીને અનુભવગમ્ય છે. ૭.

આ પ્રમાણે આ સંસારમાં ઉદ્વિગ્નતા થવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી તેમાં આનંદ આવે–ઉદ્વેગ ન આવે ત્યાંસુધી તેમાંથી છુટો પડવા–તેનાથી મૂકાવા કોણ પ્રયત્ન કરે? કોઈ ન કરે. જેને તેમાં ઉદ્વેગ ઉત્પન્ન થાય તેજ તેવો પ્રયત્ન કરે. ઉત્તમ મુનિમહારાજ ભવભય પ્રાપ્ત થવાથીજ શુદ્ધ વ્યવહારમાં પ્રવર્તે છે અને તેમાં વધતાં વધતાં આત્મારામ સમાધિમાં તેઓજ નિમજ્જન કરે છે. અર્થાત્ વ્યવહારમાં આગળ વધ્યા પછી તેને આત્મસ્વરૂપના દર્શનમાંજ આનંદ આવે છે. તેને મેળવવાનોજ તે પ્રયત્ન કરે છે અને તેની પ્રાપ્તિ થાય–આત્મસ્વરૂપ પ્રકટ થાય ત્યારેજ તે પોતાને કૃતકૃત્ય માને છે. ઉત્તમ મુનિ મહારાજનાં આ સર્વ કાર્યનું બીજ ભવઉદ્વેગજ છે. જો ભવઉદ્વેગ ઉત્પન્ન થયો તોજ તેમાંથી છુટવા તેમણે પ્રયત્ન આદર્યો અને તેને પરિણામે આત્મસ્વરૂપ મેળવ્યું–કર્માવરણથી વિમુક્ત થયા. એ પ્રમાણે સર્વ જીવોએ આત્મસ્વરૂપ મેળવવા માટે પ્રથમ આ સંસારના ખરા સ્વરૂપને જાણી તેમાં સર્વત્ર ભય, ભય ને ભયજ સંક્રાંત થયેલો છે એમ સમજી તેનાથી ઉદ્વિગ્ન ચિત્તવાળા થવાની જરૂર છે. જો તેનાથી ઉદ્વિગ્નતા પ્રાપ્ત થશે તો પછી જરૂર તેમાંથી છુટવાનો પ્રયત્ન કરાશે અને તેના પરિણામે પ્રાણી ઉત્તમ સાધ્યને સિદ્ધ કરશે. ૮. તથાસ્તુ.

## बाळकने महान् उपमा.

નાગાબાવા,[1] મુનિબાવા,[2] ઓલીયા પીર,[3] તપસ્વી,[4] અભિગ્રહધારી,[5] ટેકધારી,[6] બ્રહ્મચારી,[7] મુંડીયા,[8] મહાત્મા,[9] નિર્દોષ.[10]

૧ નગ્ન રહેનારા હોવાથી, ૨ મૌન રહેતા હોવાથી, ૩ કિંમતી ચીજ પણ માગો તો આપી દેય તેથી, ૪ ખાવા ન દ્યો તો ભુખ્યા રહે તેથી, ૫ દોઢક ખવરાવે કે પીવરાવે તો જ ખાવાપીવાના અભિગ્રહવાળા, ૬ ટેકીલા–હઠમાં આવે તો ધાર્યું કરનારા, ૭ બ્રહ્મચર્ય પાળનારા, ૮ માથે મુંડા–વાળ વિનાના, ૯ દેખાવમાં શાંત મહાત્મા જેવા–નિષ્કપટ હૃદયવાળા, ૧૦ વિષય કષાયની મંદતાવાળા હોવાથી તે અપેક્ષાએ નિર્દોષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पापस्थानक सत्तरमुं–मायामृषावाद.

( કપટયુક્ત અસત્ય બોલવું તે )

સખી ચૈતર મહિને ચાલ્યા—એ દેશી.

સત્તરમું પાપનું ઠામ, પરિહરજો સદ્‌ગુણ ધામ,
જેથી વાધે જગમાં મામ હો લાલ, માયા મોસ ન કીજે. ૧
એ આંકણી.
એ તો વિષને વળીય વઘાર્યું, એ તો શસ્ત્રને અવળું ધાર્યું,
એ તો વાઘનું બાળ વકાર્યું હો લાલ. માયા૦ ૨
એ તો માયી ને મોસાવાઈ, થઈ મહોટા કરેય ઠગાઈ,
તસ હેઠી ગઈ ચતુરાઈ હો લાલ. માયા૦ ૩
બગલા પરે પગલાં ભરતો, થોડું બોલે જાણે મરતો,
જગધંધે ઘાલે ફીરતો હો લાલ. માયા૦ ૪
જે કપટી બોલે જૂઠું, તસ લાગે પાપ અપુઠું,
પંડિતમાં હોય મુખ ભુંડું હો લાલ. માયા૦ ૫
દંભીનું જૂઠું મીઠું, તે નારીચરિત્રે દીઠું,
પણ તે છે દુર્ગતિ ચીઠું હોલાલ. માયા૦ ૬
જે જૂઠો દીયે ઉપદેશ, જનરંજનને ધરે વેશ,
તેહનો જૂઠો સકળ કલેશ હો લાલ. માયા૦ ૭
તેણે ત્રીજો મારગ ભાખ્યો, વેશ નંદે દંભે રાખ્યો,
શુદ્ધભાવકે શમસુખ ચાખ્યો હો લાલ. માયા૦ ૮
જૂઠું બોલી ઉદર જે ભરવું, કપટીને વેશે ફરવું,
તે જમવારે શું કરવું હો લાલ. માયા૦ ૯
પંડે જાણે તોપણ દંભે, માયામોસને અધિક અચંભે,
સમકિત દૃષ્ટિ મન થંભે હો લાલ. માયા૦ ૧૦
શ્રુતમર્યાદા નિરધારી, રહ્યા માયામોસ નિવારી,
શુદ્ધભાષકની બલિહારી હો લાલ. માયા૦ ૧૧
જે માયાએ જૂઠું ન બોલે, જગ નહીં કોઈ તેહને તોલે,
તે રાજે સુજસ અમોલે હો લાલ. માયા૦ ૧૨

હે ભવ્યજનો ! માયા-કપટ સહિત મિથ્યા ભાષણ કરવા રૂપ આ સત્તરમું પાપસ્થાનક તમે જરૂર વર્જજો, જેથી જગતમાં તમે સારો યશ પામશો. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપસ્થાનક કેટલું ઘોર છે તે બતાવીને તેનો સર્વથા ત્યાગ કરવોજ ઉચિત છે એમ શાસ્ત્રકાર સમજાવે છે. ૧

' મુખમાં રામ બગલમાં છુરી ' કુલટા નારીની પેરે ' કરવું કાંઇ અને કહેવું કાંઇ ' એ માયા-મૃષાવાદ કહેવાય છે. એ તો વિષનેવળી વઘારીને ખાવા જેવું છે. શસ્ત્રને ઉલટું ( પોતાનેજ વાગે તેમ અવળું ) ધારવા જેવું છે. અને વાઘના બચ્ચાંને વકારવા જેવું છે. ( અનિષ્ટ પરિણામી છે. ) ૨

મુખે મીઠું બોલે અને મનમાં કપટ રમે એવી પાપ-રચના દુનિયામાં ખોટો દમામ દેખાડનારા કરે છે. આવા પ્રકારની પરવંચના ( ઠગાઈ ) કરનાર પોતાના આત્માનેજ ઠગે છે એટલે સરલ કરણીથી જે તેની શુભ ગતિ થઈ શકે તે શુભ ગતિથી પોતાને બાતલ કરે છે. આવી દોઢ ચતુરાઈને ધિક્કાર પડો. ૩

આવા કૂડકપટ કેળવનારા દંભી લોકો બગલાની પેરે ધીમા ધીમા પગલાં ભરતાં દેખાય છે, પરંતુ તેમનું અંતર બહુજ કાળું (નિર્દય) હોય છે. પોતાનો કલ્પિત સ્વાર્થ સાધી લેવા ધીમે ધીમે મીઠું મીઠું બોલે છે અથવા જાણે મડદાલ હોય તેમ ઝીણા સ્વરથી બહુજ થોડું ( કામ પૂરતું ) બોલે છે; પરંતુ તેવા પાપી જનો જગતને અવળા પાટા બંધાવે છે. તેમનું અંતર અત્યંત મેલું-મલીન હોય છે. ૪

જે કપટ કેળવી જૂઠું બોલે છે તે બમણું પાપ સેવે છે, એટલે તેને અધિક પાપ લાગે છે, તેથી તેનો આત્મા ઉલટો વધારે મેલો થાય છે અને જ્યારે તેનું પાપ પ્રગટ થાય છે ત્યારે તેનું મુખ કાળું ધબ થઈ જાય છે. ૫

કપટીની વાકયરચના કુલટા સ્ત્રીના કૂડા ચરિત્રના જેવી વિષમ પણ મુખે મીઠાશવાળી હોય છે, જે પરિણામે પ્રાણીના ખરા પ્રાણની ખૂવારી કરી મૂકે છે અને તેને પોતાને તો દુર્ગતિમાંજ ફેંકી દે છે. ૬

જે કલ્પિત સ્વાર્થ વશ બની લોકોને મિથ્યા ઉપદેશવડે ભરમાવે છે અને લોકરંજન માટે મનગમતો વેશધારણ કરે છે તેનો સઘળો પ્રપંચ મિથ્યા છે-તેને દુર્ગતિદાયક થાય છે-કંઈ પણ હિતદાયી થતો નથી. એવો દાંભિક વેશ ધારણ કરી સાધુની જેમ પૂજાવું, મનાવું, એ પરિણામે બહુ દુઃખદાયી થાય છે, તેથી તેવો વેશ તજી દઇ નિર્દંભપણે ગૃહસ્થ-ધર્મ (યથાશક્તિ વ્રત-નિયમ) અંગીકાર કરી પાળવા ખપ કરવો એજ ઉત્તમ છે. સરલ પરિણામીનુંજ કલ્યાણ થઈ શકે છે, માટે જેમ બને તેમ રહેણી કહેણી શુદ્ધ-અવિરોધી રાખવાનો ખપ કરવો. ૭

પોતાથી શુદ્ધ સાધુ માર્ગ યથાર્થ પાળી નહીં શકાય એમ જ્યારે જણાય ત્યારે ઉપર જણાવ્યું તેમ ગુરૂ મહારાજને પોતાની હકીકત નિવેદન કરીને તેમની સંમતિથી ગૃહસ્થ ધર્મ આદરી તેને નિષ્કપટપણે પાળવો અથવા તો **સંવિગ્ન પક્ષીપણું** આદરવું એટલે **ઉપદેશમાળાદિક**માં કહ્યા મુજબ શુદ્ધ મુનિના દાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ રહેવું. તેમની સેવા-ભક્તિ પ્રેમ સહિત કરવી. તેમને બહુમાનપૂર્વક પ્રતિદિન વંદન કરવું; પણ પોતે તેમની પાસે વંદાવવું નહિ. શુદ્ધ પ્રરૂપણા (દેશના) વડે ભવ્ય જનોને શુદ્ધ મુનિમાર્ગ બતાવવો. કોઇને ચારિત્ર લેવા ઇચ્છા થાય તો તેને શુદ્ધ મુનિ પાસે તે અંગીકાર કરવા કહેવું. પોતાના અવગુણ પ્રગટ કરવામાં સંકોચ લાવવો નહિ. માન તજવાથી જ આ કહેલો માર્ગ પાળી શકાય છે તેથી તે પણ દુષ્કરજ કહેલો છે. અને એવી રીતે સ્વગુણ હાનિ અને અન્ય ગુણ ઉત્કર્ષ અંતરલક્ષથી જોનાર તેમ જ શુદ્ધ ભાષણ કરનાર ભવ્યાત્મા પણ પોતાના પરિણામની વિશુદ્ધિથી અનુક્રમે મોક્ષનો અધિકારી થઇ શકે છે. ૮.

બાકી જૂઠું બોલીને પેટ ભરવું અને કપટભાવથી સાધુ વેશે ફરવું તે કરતાં તો મરવું જ સારૂં છે. ૯.

મનમાં પોતાની ધૂર્તતા જાણતા છતાં મોહના પ્રબળ ઉદયથી જીવો આવું અનિષ્ટ આચરણ તજતા નથી એટલું નહિં પણ દુષ્ટાશયથી દંભ-પરવંચના કરી મનમાં ફૂલાય છે, જે દેખી સમકિતદૃષ્ટિ જન મનમાં ત્રાસે છે. ૧૦

ઉપાધ્યાયજી મહારાજે **અધ્યાત્મ સાર** ગ્રંથમાં દુરંત દુઃખદાયી દંભ તજવા બહુ જોર દઇને કહેલું છે તે લક્ષમાં રાખી, શાસ્ત્રમર્યાદા મુજબ દંભાચરણ તજીને યથાશક્તિ વ્રત નિયમ અંગીકાર કરી કાળજીપૂર્વક જે પાળે છે અને આત્માર્થી જનોને શુદ્ધ-સાચો માર્ગ બતાવે છે તેની બલિહારી છે. ૧૧.

જે કપટ કેળવીને જૂઠું બોલતા નથી પણ નિર્દંભપણે જેવું હોય તેવું કહે છે, તેવા સરલ અને સત્યવાદીના તોલે કોણ આવી શકે? તેવા સરલ સ્વભાવી જનો જગતમાં ઉત્તમ યશ કીર્તિને પામે છે અને અનુક્રમે જન્મ મરણનો અંત કરી અવિચળ-મોક્ષ પદવી પણ તેજ પામી શકે છે. તથાસ્તુ! મુ. કુ. વિ.

**વિવેચન**--ભવ્યજનોને પ્રીતિ ઉત્પન્ન કરવા માટે તેને સદ્ગુણના સ્થાનની ઉત્તમ ઉપમા આપીને કર્તા ઉપદેશ આપે છે કે-હે સદ્ગુણધામ! તમે આ સત્તરમું પાપસ્થાનક તજશો તો તમારી જગતમાં લાજ વધશે. આમ કહેવાનો તાત્પર્ય એ સમજવો કે જો નહીં તજો-માયાવડે અસત્ય ભાષણ કરશો તો તમારી લાજ વધવાને બદલે ઘટશે. કેમકે આ પાપસ્થાનક વધારે આકરૂં છે. આમાં બે પાપોનું મિશ્રણ છે. એક તો ઝેર ને વળી તેને વઘાર્યું હોય, મૂળ શસ્ત્ર ને વળી તેને અવળું પકડયું હોય અને મૂળ ક્રુર પ્રાણી ને વળી તે વકેલું હોય ત્યારે જેમ તે વધારે હાની કરે છે તેમ એક તો માયા કે જે મિથ્યાત્વના ઘરની છે, જેમાં મિથ્યાત્વનો વાસ છે, તે અને વળી તેમાં અસત્ય ભળ્યું એટલે પછી જોઇ લ્યો તેની ખુબી! પાપબંધ-કર્મબંધમાં કોઇ પ્રકારની ખામી રહેશે નહીં. ૧-૨.

માયામૃષાવાદ એ જબરજસ્ત દુર્ગુણ છે, તેણે મોટમોટા ગણાતા પુરૂષોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતઃકરણમાં પણ પ્રવેશ કરેલો હોય છે અને તેનો પ્રવેશ થતાંજ તેવા માણસની ખરી ચતુરાઈ તો પાતાળમાંજ પેસી જાય છે અર્થાત્ તેની ચતુરાઇનો તદ્દન અવળોજ ઉપયોગ થાય છે. માયામૃષાવાદી પુરૂષની બાહ્ય ચેષ્ટા બધી પરને ઠગવા માટે હોય છે. જેમ બગલું જળાશયના કિનારા ઉપર શાંત થઇને ઉભું રહે છે, માછલું લાગમાં આવે તેનીજ રાહ જુએ છે, અને લાગમાં આવે કે તરતજ તેને પકડી લે છે; તેમ આ માયામૃષાવાદી પણ ભોળા માણસોને છેતરવાનો લાગજ શોધ્યા કરે છે. થોડું થોડું-ધીમે ધીમે બોલે છે કે જેથી લોકો તેને ભલો માણસ લેખવે છે; પણ જગતના ધંધામાં તો તે જયાં ત્યાં માથું મારે છે, દ્રવ્યાદિકની લાલસાથી છાનીમાની દોડાદોડ કરે છે અને મનમાં અનેક પ્રકારની ઘડભાંજ કર્યા કરે છે. પરંતુ જ્ઞાની કહે છે કે-જે પ્રાણી કપટવડે અસત્ય બોલે છે તેને અત્યંત પાપ લાગે છે અને પંડિત પુરૂષોમાં તે ભોંઠો પડે છે. ત્યાં તેની ઇજ્જત વધતી નથી પણ ઘટે છે. ૩-૪-૫.

આવાં દંભીના ભાષણમાં કાંઇક મીઠાશ રહેલી હોય છે, તેથી બીજાઓ તેમાં સહેજે ફસાય છે-લલચાય છે. તેના દૃષ્ટાંત તરીકે પ્રત્યક્ષ સ્રી વર્ગ છે કે જે પોતાના પતિની પાસે અનેક પ્રકારના છળકપટ કરી, આંખોમાં આંસુ લાવી, પોતાના ઓરમાન પુત્રાદિ ઉપર અથવા સાસુ નણંદ કે દેરાણી વિગેરે ઉપર અભાવ ઉત્પન્ન કરાવે છે. તેનામાં ખોટી દયા ઉપજાવવાની અદ્ભુત શક્તિ હોય છે તેથી ભોળો ભર્ત્તાર તેની કપટ જાળમાં ફસાય છે અને પોતાના અંતરંગ સંબંધીઓ સાથે કલેશ કરે છે, દ્વેષ કરે છે અને તેનું અશુભ ચિંતવે છે. આ હકીકત સ્રીચરિત્રમાં દેખાય છે. તેવા મીઠાશવાળા જૂઠાને શાસ્રકાર દુર્ગતિની હુંડીની ઉપમા આપે છે. તે હુંડી દુર્ગતિમાંજ સીકારાય તેમ છે. અર્થાત્ તેવા કપટી પ્રાણીઓ દુર્ગતિના ભાજનજ થાય છે. ૬.

જે મુનિઓ અસત્ય ઉપદેશ આપે છે, ખોટે માર્ગે ચાલે છે અને ઉપરથી સત્પાત્ર મુનિની જેવો ડોળ બતાવે છે; લોક રંજનને માટેજ મુનિવેશ ધારણ કરે છે અને પોતાનું બહુમાન કરાવવા કેટલોક કલેશ-દુઃખ પણ સહન કરે છે, તેનો એ સર્વ કલેશ નિરર્થક છે. કેમકે તેનું ફળ તેને કાંઇ મળતું નથી અને માયાવીપણાનું માઠું ફળ ભોગવવું પડે છે. આવા વેષધારીઓ નથી મુનિપણામાં ને નથી શ્રાવકપણામાં-તેણે તો ત્રીજો માર્ગજ કાઢ્યો છે. વેશ આરાધી શકાતો નથી-ભજવી શકાતો નથી ને દંભથી વેશ છોડતા નથી. પરંતુ તેથી બહારથી રૂઝાયેલ અંતઃશલ્ય જેમ વધારે હાની કરે છે તેમ તેમને તેવી કૃતિથી ઘણું નુકશાન થાય છે. એવે વખતે તો ખરી વાત કહી દેવી. પોતાની અશકિત જાહેર કરી દેવી અને પોતાની યોગ્યતા પ્રમાણેજ બહાર દેખાવ આપવો તેજ લાભકારક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા શુદ્ધ ભાષકો શમ સુખનું-શમામૃતનું આસ્વાદન કરી શકે છે. ૭-૮.

જૂઠું બોલીને, ખોટો વેશ ધારણ કરીને પેટ ભરનાર-આજીવિકા ચલાવનાર અને મુનિવેશે ફરીને અન્ય ગુણી જનો પાસે વંદાવનારના જીવતર કરતાં તેનું મૃત્યુજ શ્રેયસ્કર છે. કારણ કે તેનું જીવન તેને ઘણું હાની કરનારૂં છે, મૃત્યુ તેટલું હાનીકારક નથી. કેટલાક સમજુ માણસો પોતાની આવી સ્થિતિ જાણી શકે છે-સમજી શકે છે છતાં પણ આશ્ચર્યકારી માયામૃષાની પ્રેરણાથી તે પોતાની ખરી સ્થિતિ જાહેરમાં મુકી શકતા નથી તે મિથ્યાત્વનોજ પ્રભાવ છે. તેનામાંથી સમકિત પણ ચાલ્યું ગયું છે-તેણે સમકિત વમી નાખ્યું છે એમ સમજવું. કારણ કે સમકિત દૃષ્ટિ એવો ખોટો ડોળ કરેજ નહીં, તેતો સ્થંભી જાય-અટકી જાય-આગળ પગલું ન ભરે અને પોતાની ખરી સ્થિતિ જાહેર કરી દે. સમકિત ગુણની બલિહારી છે. તે તો અપૂર્વ ગુણ છે. ૯-૧૦.

શુદ્ધ ભાષક મહાત્માઓ તો શ્રુતની મર્યાદા પ્રમાણેજ વર્તે છે. માયાદોષો કદિ પણ સેવતા નથી. એઓ તો નિરંતર શુદ્ધ અંતઃકરણપૂર્વક યથાર્થ ભાષા-સત્ય ભાષાજ બોલે છે અને તેને અનુસરતું-તદનુરૂપજ વર્તન રાખે છે. વર્તનમાં કાંઇક ને ભાષામાં કાંઇક એમ પૃથક્તા ધરાવતાજ નથી, તેમજ ચિત્તમાં કાંઇક ને ભાષામાં કાંઇકિ તેમ પણ રાખતા નથી; એઓ તો મનમાં, વચનમાં ને કાયામાં એક સ્વરૂપવાળા-એક સરખા દેખાવવાળા-એક સરખા ભાવવાળાજ હોય છે. એવા શુદ્ધ ભાષકની બલિહારી છે. તેમને ધન્ય છે. ૧૧.

કર્ત્તા પ્રાંતે કહે છે કે-જે પ્રાણી માયાવડે કદિપણ જૂઠું બોલતા નથી, તેમની તોલે આ જગતમાં બીજું કોઈ આવી શકે તેમ નથી. તેઓ ભલા યશ-વાળા અને અમૂલ્ય ગણાય છે. તેમને જગત્ બધું માને છે, પૂજે છે અને તેઓ પરમ સુખને પ્રાપ્ત કરે છે. જે વસ્તુ તજવી મુશ્કેલ હોય તેને તજવાથી લાભ પણ તેના પ્રમાણમાં વિશેષ હોય છે. આ પાપસ્થાનક જેમ તજવું મુશ્કેલ છે, તેમ તેને તજવાથી લાભ પણ અત્યંત પ્રાપ્ત થાય છે. સરલતા ને સત્ય ભાષાની ખુબી, તેનું માહાત્મ્ય, તેની અસર, તેનું ફળ ઓરજ છે. તે માપી શકાય તેમ નથી. અપાર છે, ઉત્તમ જનોને અંગીકાર કરવા યોગ્ય છે અથવા તો તેને અંગીકાર કરે છે તેજ ઉત્તમ પુરૂષની ગણનામાં ગણાય છે-ગણાવા યોગ્ય છે અને તેજ ખરૂં આત્મહિત કરી શકે છે. વક્રતા નાશ પામ્યા સિવાય આત્માનો રસ્તો સીધો-સરલ થતોજ નથી, માટે વક્રતા સ્વરૂપવાળી માયા અને તેમાં ભેળવેલા ઝેર જેવું મૃષાવચન એ બંને ઉત્તમ જનોએ અવશ્ય તજવા યોગ્ય છે. કર્ત્તાએ સુજસ શબ્દે પોતાનું યશોવિજય નામ સૂચવ્યું છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सारभूत तत्त्व-उपदेश.

" चला विभूतिः क्षणभंगि यौवनं, कृतान्तदन्तान्तरवर्त्ति जीवितं ।
तथाप्यवज्ञा परलोकसाधने, अहो नृणां विस्मयकारि चेष्टितं ॥ "

लोभमूलानि पापानि, रसमूलाश्च व्याधयः ।
स्नेहमूलानि दुःखानि, त्रीणि त्यक्त्वा सुखी भव ॥ "

લક્ષ્મી અસ્થિર છે, યૌવન જોતજોતામાં વહી જાય છે, જીવિતનો કશો ભરૂસો નથી-જીવિત યમની દાઢ વચ્ચે આવી રહેલ છે. છતાં પણ મનુષ્યોને પરભવનું સાધન કરી લેવામાં કેટલી બધી ઉપેક્ષા વર્તે છે? અહો ! જીવોનું કેટલું બધું વિસ્મયકારી વર્તન છે? હે મનવા ! ત્હારે સુખી થવું હોય તો સમજે કે સર્વ પાપનું મૂળ લોભ છે, વ્યાધિનું મૂળ રસગૃદ્ધિ (લોલુપતા) છે અને દુઃખનું મૂળ સ્નેહ-રાગ છે. સઘળાં દુઃખનાં ઉપાદાનકારણભૂત એ ત્રણ વાનાંનો ત્યાગ કરીને તું સુખી થા.

વળી સમજ કે નિત્ય મિત્ર સમાન આ શરીરને સદાય પોષણ આપ્યા છતાં પરિણામે એ પોતાનું થવાનું નથી, અવશ્ય પડવાનું જ છે, તો પછી તેના ઉપર ખોટી મમતા બાંધી શા માટે અનેક ઔષધ ભેષજ કરી કલેશ વ્હોરો છો? બધા-બાહ્ય અભ્યંતર રોગમાત્રનું નિકંદન કરી શકે એવા ધર્મરસાયણનું પાન તું શા માટે કરતો નથી? જો ત્હને તત્ત્વ સમજાયું જ હોય તો તેનું જ પાન કરી લે, જેથી ત્હને સર્વ રીતે આરામ પ્રાપ્ત થાય. વળી વિચારી જોતાં ત્હને સમજાશે કે પશુઓનાં શરીરોનાં અંગઉપાંગ અને મળ આદિ બધાં જીવતાં અને મૂવા પછી પણ જેમ કંઇને કંઇ ઉપયોગમાં આવે છે, તેમ મનુષ્ય દેહનું કંઇ ઉપયોગી થઇ શકતું નથી. તો પછી આ ક્ષણવિનાશી દેહદ્વારા કંઇ પણ આત્મહિત સાધી લેવામાં તું કેમ ઉપેક્ષા કરે છે? આ મનુષ્ય દેહથી સ્વહિત સાધી લેવા ઉપેક્ષા કરવી ત્હને લાજીમ નથીજ. માટે હવે પ્રમાદ પટળનો પરિહાર કરીને સ્વહિત માર્ગ જલ્દી આદરી લે અને એમ કરતાં બની શકે તેટલા પ્રમાણમાં પરહિત કરવામાં પણ ઉજમાળ થા. ખરા સુખી થવાનો એજ માર્ગ છે. ઇતિશમ્.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सज्जन अने दुर्जननो पटांतर समजी सुज्ञ जनोए सज्जनता आदरवा करवो जोइतो प्रयत्न.

મન, વચન અને કાયામાં પુન્ય-અમૃતથી પૂર્ણ છતાં અનેક ઉપકારની કોટિઓવડે જગત્ માત્રને પ્રસન્ન કરતા અને પરના લેશમાત્ર ગુણને પર્વત જેવા મહાન્ લેખી પોતાના હૃદયમાં પ્રમુદિત થતા એવા કેટલાક સજ્જનો જગતીતળ ઉપર અવતરેલા હોય છે. સજ્જનોની એવી ઉત્તમ નીતિ-રીતિ હોય છે કે તેઓ પારકા ( છતા-અછતા ) દોષો લેશમાત્ર બોલતા નથી, અને પોતાનામાં ગમે તેવા સદ્‌ગુણો વર્તતા હોય તેમ છતાં તે પ્રગટ કરતા નથી. તેઓ પરસ્ત્રીને માતા-તુલ્ય, પરધનને પથ્થરતુલ્ય અને સર્વ જીવને આત્મતુલ્ય લેખે છે. તેઓ સ્વપરને સુખદાયી એવી અમૃત વાણી વદે છે અને સ્વોચિત વ્યાપાર વણજમાં નેક નિષ્ઠાથી વર્તે છે. તેઓ જે કંઈ શુભ પ્રતિજ્ઞા કરે છે તે સુખે નિર્વાહી શકાય એવું ડહાપણ વાપરીને કરે છે અને તેનો પ્રાણાન્ત પર્યન્ત નિર્વાહ કરી ચૂકે છે. તેઓ પરની દાક્ષિણ્યતા માત્રથી નહિ પણ સ્વાત્મ પ્રેરણાથીજ પરહિત કરવા પ્રવર્તે છે. અને પરહિતને સ્વહિત તુલ્ય લેખે છે. ક્રોધાદિક કષાયનાં કારણોને તેઓ દક્ષતાથી સમતાદિક સાધનોવડે દૂર કરે છે. કલેશ-ટંટા-ફીસાદથી તેઓ બહુજ કાયર હોય છે. નાહક કોઇ જીવને કષ્ટ-દુઃખ થાય એવું પોતે કરવા કે કરાવવા કદાપિ પ્રવર્તતા નથી. ટુંકાણમાં સ્વપર આત્માને મલીન કરનારાં કા-રણો-પાપસ્થાનકોથી પોતે દૂર રહેવા બનતો પ્રયત્ન કરે છે. અનુકંપા બુદ્ધિથી અન્ય જીવો બધી રીતે સુખી થાય તેવો પ્રયાસ સેવે છે અને ગમે તેવા દુર્જન ઉપર પણ દ્વેષબુદ્ધિ-વૈરભાવ નહિ લાવતાં તેમને તેના કર્મવશવર્તી વિચારી પોતે સમભાવે રહે છે. પરહિત કરતાં પ્રત્યુપકાર ( બદલા ) ની ઇચ્છા-સ્પૃહા રાખતા નથી. સંક્ષેપથી આવો વિકટ પણ એકાન્ત હિતકારી માર્ગ સજ્જનોનો છે. તેવી દુર્ધર નીતિ-રીતિ સેવનાર સજ્જનોની બલિહારી છે. તેમના વિહિત માર્ગમાં સહાય ( સરલતા ) કરનારની તેમજ તેની અનુમોદના કરનારની પણ બલિહારી છે. છેવટે તેમના માર્ગમાં નિંદાદિક કરવાવડે અથવા બીજી રીતે અવરોધ-અંત-રાય ( વિઘ્ન ) ઉભા નહિ કરતાં સમભાવે રહેનારની પણ બલિહારી છે. કેમકે આવા દુર્ધર વ્રતધારી સજ્જનોના સન્માર્ગમાં અવરોધ ( વિઘ્ન ) કરનારને ઘણું સંસાર પરિભ્રમણ કરવું પડે છે તેમ છતાં તેના દુઃખનો અંત આવતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સજ્જનથી બધો વિપરીત સ્વભાવ ( નીતિ-રીતિ ) દુર્જનનો હોય છે. અનુભવ ઉપરથી સ્પષ્ટ રીતે શાસ્ત્રકારે જણાવ્યું છે કે:-

લૂણહ ઘૂણહ કુમાણસહ, એ તિન્નિ ઇક્કિ સહાઉ (ઓ);
જિહાં જિહાં કરે નિવાસડો, તિહાં તિહાં ફેડે ઠાઉ (ઓ).

અર્થાત્ લૂણ, ઘૂણ, અને કુમાણસ ( દુર્જન ) એ ત્રણેનો સ્વભાવ એક સરખો છે. તેઓ જે જે ઠેકાણે નિવાસ કરે છે તે તે સ્થાનનોજ નાશ કરેછે. તેઓ પારકું સારૂં સહન કરી શકતાજ નથી. તેને લઇને જેમ બને તેમ પરનું બગાડવાજ ઇચ્છે છે. નારદની પેરે કલેશ-કંકાસ તેમને અતિ પ્રિય લાગે છે. પરનિંદા કરવાનો તેમજ બીજા ઉપર અછતા આળ ચઢાવવાનો તેમનો જાતિ સ્વભાવજ હોય છે. પરને પીડા ઉપજાવીને અથવા પીડા ઉપજતી દેખીને તે રાજી થાય છે. ગુણપાત્રનો અનાદર કરી કેવળ દોષપાત્રને તે ગ્રહણ કરે છે અર્થાત્ દૂધમાંથી પણ પોરા કાઢવાનો તેમનો સ્વભાવ હોય છે. આવી નિંદ્ય દુર્જનતા દરેક ભવ્ય જીવે અવશ્ય પરીહરવા યોગ્ય છે. દુર્જનતાથી આયંદે ફાયદો કશો નથી પણ ટોટો પારાવાર થાય છે. છતાં મંદભાગી જનો તે તજતા નથી. સજ્જન પુરૂષો તો તેવા નીચ-દુર્જનોમાંથી પણ ગુણજ ગ્રહણ કરે છે. તેમને પોતાની આત્મજાગૃતિના નિમિત્તરૂપ લેખે છે અને સ્વકર્તવ્યમાં સાવધાન રહે છે. ગમે તેવી વિપત્તિમાં પણ સ્વકર્તવ્યકર્મથી ચૂકતા નથી, અને પોતાની પ્રકૃતિને બગડવા દેતા નથી પણ ઉલટા દિનપ્રતિદિન તેની ઉજ્વળતા-નિર્મળતા સાધવાજ લક્ષ રાખે છે. આવી ઉત્તમ સજ્જનતા શિખવા-આદરવાને આપણુ સહુને સદ્બુદ્ધિ જાગૃત થાઓ એજ મહાકાંક્ષા. ઇતિશમ્

સન્મિત્ર કર્પૂરવિજયજી.

# वावो तेवुं लणो.

Thought is another Name for fame,
Choose, then, thy destiny & wait,
For love brings love, hate brings hate.

Ella, wheeler wilcox.

Beautiful thoughts crystallize into habits of grace, and kindness, which solidify into genial and sunny circumstances.

આ બહુ જાણીતી અને મશહુર થયેલી હકીકત છે-દરેક માણસ સંપૂર્ણ ખાત્રીથી આ વાત જાણે છે કે જમીનમાં જે વાવવામાં આવ્યું હોય, તેજ પાછું તેને મળે છે, તેમાં કોઇ દિવસ કશો ફેરફાર થતો નથી. જાર વાવનારને જારની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ થાય છે, અને ઘઉં વાવનારને ઘઉંનીજ પ્રાપ્તિ થાય છે. જાર વાવનારને ઘઉં કોઇ પણ વખત મળતાજ નથી. આ સત્ય હકીકત આપણા મનની બાબતમાં ભૂલી જવાય છે તેજ ખરેખરૂં ખેદજનક છે. આપણું મન તે પણ એક ક્ષેત્ર જેવું છે. તેમાં પણ જેવું વાવીએ, વિચારોરૂપી જે ધાન્ય મહેનતથી તેમાં વાવીએ, તેવીજ જાતની નિષ્પત્તિ પછીથી તેમાં થાય છે. આ બાબતમાં જરા પણ સંદેહ જેવું નહિ હોવા છતાં મનની ઉન્નતિની બાબતમાં તે ભૂલી જવાતું હોવાથી અત્ર તે બાબત તરફ લક્ષ ખેંચવા અલ્પ પ્રયાસ કરવામાં આવ્યો છે.

જમીન ઉપર મહેનત કરીને સુધાન્યની વાવણી કરનાર પછીથી તેજ સુંધાન્યની પ્રાપ્તિ કરી શકે છે. કોદરા વાવનાર કોદરા અને ઉત્તમ શાળી વાવનાર શાળીનીજ પ્રાપ્તિ કરે છે; તેવીજ રીતે પ્રત્યેક મનુષ્ય પોતાના મનરૂપી ક્ષેત્રમાં સુવિચારોરૂપી સુધાન્યના બીજ વાવે તો તે તેની પ્રાપ્તિ કરે છે, જ્યારે કુવિચારો–હલકા વિચારો–દુષ્ટ વિચારોના બીજ વાવનાર મનુષ્ય તેના જીવનક્રમમાં પછીથી તેવાંજ ફળ મેળવી શકે છે તેમાં જરા પણ સંદેહ જેવું નથી.

જ્યારે લાંબા વખત સુધી મનરૂપી ક્ષેત્રમાં આપણે અસંતોષ અને દુઃખનાં બીજ વાવ્યા કરીએ–તેવાજ વિચારો સેવ્યા કરીએ, ત્યારે પછી તેમાંથી સંતોષ અને સુખરૂપી ફળ કેવી રીતે મળે? મનમાં જેવા વિચારો લાવીએ, જેવી ભાવના કરીએ, જે લાઇન ઉપર મનને દોરવીએ, તેનાજ પરિણામરૂપે તેવાંજ ફળની નિષ્પત્તિ થાય; તેમાં જરા પણ શંકા જેવું નથી. આખો દિવસ સંતોષના વિચાર સેવનાર, દુઃખની પ્રાપ્તિ માટે શંકા કર્યા કરનારને, પ્રાંતે ફળરૂપે અસંતોષ અને દુઃખજ ઉત્પન્ન થાય તેમાં નવાઈ જેવું નથી. તેવીજ રીતે નાદુરસ્ત તબીઅતના વિચાર કરનાર, વારંવાર તબીઅત બગડી જવાની ભાવના ભાવનાર મનુષ્યને ઉત્તમ તંદુરસ્તીની પ્રાપ્તિ શી રીતે થઇ શકે? "આ ખાવાથી મારી તબીઅત બગડી જશે" "આ વસ્તુ તો મને હેરાન કરશે" તેવા તેવા નુકશાન કરનારા–તંદુરસ્તીને પ્રતિકુળ વિચારો સેવનાર મનુષ્યને નુકશાન નહિ કરનારો ખોરાક પણ તબીઅત બગાડનારજ નીવડે છે, માટે પ્રથમથીજ સુવિચારોરૂપી ઉત્તમ બીજ મનરૂપી ક્ષેત્રમાં વાવવાની જરૂર છે. હમેશા સંતોષ–સુખનાજ વિચારો કરવા. પ્રત્યેક કાર્યથી પરિણામે સુખજ થશે તેમ નિશ્ચિંતપણે માનનાર અને તદનુસાર વર્તનાર પ્રાંતે સુખીજ થાય છે, અને તેથી વિરૂદ્ધ વિચાર કરનારાઓ માટે તેવા બીજમાંથી ઉત્પન્ન થતું દુઃખજ તેમને પ્રાપ્ત થાય છે તેમાં સંદેહ જેવું નથી.

પોતાના આખા ક્ષેત્રમાં જાર વાવનાર ખેડુત પછીથી ઘઉં અગર શાળીની આશા રાખે તો તે ખરેખર મૂર્ખ ગણાય છે. તેવીજ રીતે આપણે પણ ભીતિના, દુઃખના, શંકાના વિચારોરૂપી બીજ આપણા મન ક્ષેત્રમાં વાવીએ, અને પછીથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલુ સુખ શા માટે મળતું નથી? દુઃખ કેમ પડે છે? તેવાં વિચારો કરી ઉત્તમ સુખની પ્રાપ્તિ માટે રાહ જોઇએ તો ખરેખર આપણે પણ તે ખેડુતની જેમ મૂર્ખમાંજ ગણાવા લાયક ઠરીએ. ખેડુતની વાવણીની માફકજ આપણા વિચારોરૂપી બીજમાંથી તદનુસાર ફળ નીપજે છે. કુદરતના આ કાયદામાં કદી ફેરફાર કરી શકાતો નથી. જેવાં વિચાર સેવતાં હોઇએ તેના પરિણામરૂપે ઉત્તમ અગર અધમ ફળની પ્રાપ્તિ અવશ્ય થાયજ છે.

જેવી રીતે કોદરા વાવનાર ખેડુત ચોખાનો પાક નીપજાવી શકતો નથી, તેવીજ રીતે નાસીપાસી, દિલગીરી, કે શોકના વિચારો સેવનાર માણસ પછીથી ફતેહ કે આનંદ મેળવી શકતો નથી. જો તે ઉંચાં બીજ વાવે, આબાદી-સુખ-વિશ્વાસ અને સંતોષરૂપી બીજો મનરૂપી ક્ષેત્રમાં વાવે તો પછી તદનુસાર બીજ પ્રમાણે પાક મેળવે તેમાં નવાઈ નથી; પણ કુસંપના, ખેદના બીજ વાવનારને તો તેવાંજ ફળની પ્રાપ્તિ થાય છે. આ વાત સંપૂર્ણ રીતે ધીરજથી મનમાં વિચારી જવાથી તરતજ સમજાય તેવી છે.

સંપ તે એક જાતની સત્તા છે; અને કુસંપ-કલેશ-કંકાસ તે એક જાતની નબળાઈ છે. સંપનાં બીજ વાવનાર, તેના વિચારો સેવનાર, સંપનો આદર કરનાર સત્તારૂપી ફળ પ્રાપ્ત કરે છે, ત્યારે કજીઆ, કંકાસ વિગેરેનો આશ્રય કરી પોતાની માનસિક ભૂમિમાં તેવાં બીજો વાવનાર નબળાઇ પ્રાપ્ત કરે છે. જેવું બીજ વાવીએ તેવુંજ પ્રાપ્ત થાય છે, તેથીજ સંપની સાથે રહેવાનો-સંપનાં વિચારો કરવાનો અને કુસંપ-કલેશના વિચારો પરિહરવાનો સદાને માટે ચોકસ નિર્ણય રાખવો. અપૂર્ણતાના-સંશયના-કલેશ કંકાસના વિચારો તે નકામા રોપા જેવા હોવાથી સારા પાકને રોકી રાખે છે, અને સુનિપજ થવા દેતા નથી, તેથી તેવા નકામા રોપાઓ મનરૂપી ક્ષેત્રમાંથી સદાને માટે નિંદી નાખી દૂર ફેંકી દેવા તેજ ખાસ જરૂરનું છે.

હમેશને માટે યાદ રાખવાનું છે કે કુદરતના કાયદાઓ જેવા બાહ્ય વસ્તુઓ માટે છે તેવાજ મનને માટે-આંતરિક સ્થિતિ માટે ઉપયોગી છે. જેવી રીતે બાહ્ય વર્તન બાહ્ય શરીરાદિ ઉપર અસર કરે છે તેવીજ રીતે માનસિક વિચારશ્રેણીનું વર્તન શરીર અને મન બંને ઉપર સરખી અસર કરે છે. મનમાં-મગજમાં ઉત્પન્ન થયેલા દરેક વિચારો બીજરૂપે પ્રણમી તેવીજ જાતનો પાક ઉત્પન્ન કરે છે, પછીથી તે કાંટા અગર ગુલાબરૂપે કે નકામા રોપા તરીકે અગર ઉત્તમ ધાન્યરૂપે બીજાનુસાર ઉગી નીકળે છે.

આપણું વર્તન તે આપણા માનસિક વાવેતરના પાકરૂપજ છે. જેવું તેમાં વાવશો તેવાંજ ફળ પ્રાપ્ત કરવા તમે શક્તિવાન થશો. જો તમે આબાદી, સુખ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપૂર્ણતાના વિચારો સેવો, તેવાંજ બીજ વાવો, તો તે પ્રમાણેજ સુખ–આબાદીનો પાક તમે મેળવશો, અને તેથી વિરૂદ્ધ દુઃખના, હલકાઇના, નાસીપાસીના, અપૂર્ણતાના વિચારો સેવશો તો તેના પરિણામરૂપે ગરીબાઇ–હલકાઇ–અધમતાજ તમને પ્રાપ્ત થશે તે નિઃસંશય સત્ય છે. સારાંશ કે મનુષ્યજીવન તેની વિચારશ્રેણીનેજ અનુસરે છે.

દુનિયાનો સર્વ માન્ય એક સરખી રીતે અનુસરાએલો જો કોઈ પણ નિયમ હોય તો તે તેજ છે કે સરખે સરખાને ઉત્પન્ન કરે છે–સરખે સરખાનું આકર્ષણ થાય છે. આ નિયમાનુસાર પણ જેવા વિચારો સેવો, જેવાં બીજ તમારા મનમાં વાવો, જે વિચારોને પ્રધાનપદ આપી તમે અનુસરો, તેવીજ તમારી સ્થિતિ થશે, તદનુસારજ તમારૂં વર્તન થશે અને તેવાંજ ફળ તમે મેળવશો.

દરેક વિચાર એક બીજરૂપેજ છે. તે તેની પ્રમાણેજ બરોબર માનસિક રોપો નીપજાવે છે. જો વિચારરૂપી બીજમાં તમે વિષ–ઝેર ભેળવશો તો તેની ફળપ્રાપ્તિમાં તમને તેવું વિષજ મળશે, કે જેનાથી તમારૂં સુખ–આબાદી–સંતોષ સર્વનો નાશ થઈ જશે. જે માણસ હમેશા સ્વાર્થનાજ વિચાર કર્યા કરે છે, પરોપકાર બુદ્ધિ પરિહરે છે, તેને તેના જીવનમાં પછીથી કાંટારૂપે હલકા ફળજ પ્રાપ્ત થાય છે. સ્વાર્થના વિચારો તેને આગળ વધવા દેતા નથી. અને અંતે તેના હલકા વિચારો તેને પણ તદ્દન અધમ અવસ્થા દેખાડી દે છે; તેથી તેવાં નકામા સ્વાર્થી વિચારોના બીજ કદી પણ મનરૂપી ક્ષેત્રમાં વાવતા નહિ. પરોપકાર–દયા–અન્યને માટે સ્વભોગના ઉચ્ચ વિચારો સેવનાર–પરના કાર્ય માટે સદા તૈયાર રહેનારના માનસિક ક્ષેત્રમાં ઉત્તમ બીજ વવાવાથી તેને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે: માનસિક ઉન્નતિ તે અવશ્ય મેળવે છે.

દરેક મનુષ્યે એટલું અવશ્ય જાણવું જોઇએ કે જો આબાદીના, સુખના, શાંતિના પાકની નિષ્પત્તિ કરવી હોય તો તેમણે નાસીપાસી, સંદેહ, ગરીબાઇ, અશાંતિના બીજ કદી પણ વાવવા નહિ. કુદરત તો જેવું તેને તમે આપો છો તેવુંજ તે પાછું તમને આપે છે. અશાંતિ, સંદેહ, ગરીબાઇ, હલકાઇના બીજ વાવનારને કુદરત ફળરૂપે કદીપણ સંતોષ, આનંદ કે સુખશાંતિના ફળ આપતી નથી. જેવાં બીજ વાવો તેવાંજ ફળ નિશ્ચયપૂર્વક મળે છે. જો તમારે સુંદરતા, પ્રેમ, મધુરતાના મીઠા પાકની ઇચ્છા હોય તો માયાળુપણું, પ્રેમ, સહૃદયતાના બીજ વાવો, જેથી તેવાંજ ઉત્તમ ફળ મેળવવા તમે ભાગ્યશાળી નીવડશો. ધિક્કાર, ઇર્ષા, વેર, કડવાશના બીજ વાવનારને તો પ્રાંતે અવશ્ય તેવાંજ ફળ મળે છે, તેમાં સંદેહ જેવું જરા પણ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદ, બળ, વીર્ય મેળવવાનું ઉત્તમોત્તમ સાધન એક છે, અને તે તેવા ઉત્તમ વિચારના બીજ મનરૂપી ભૂમિકામાં વાવવા તેજ છે. જેવી રીતે ઉત્તમ ધાન્ય વાવનાર ખેડુત ખાત્રીપૂર્વક માને છે કે તેને ઉત્તમ ધાન્યજ મળશે, તેવી જ રીતે સુવિચારના, સદ્‌ગુણના બીજ વાવનારને અવશ્ય ઉત્તમ વર્તનના ફળની પ્રાપ્તિ થશે. શરીર તો મનના પડછાયા રૂપેજ છે, બીજું કાંઇ નથી. જેવું મનમાં વિચારશો, જેવી ભાવના રાખશો, જેવાં વિચાર સેવશો તદનુરૂપજ, શારીરિક બાહ્ય ક્રિયાઓમાં દેખાવ દેખાશે. આ કુદરતી કાર્યમાં કલ્પના અગર સંદેહનું કાંઇ ચાલતું નથી. સરખું સરખાનેજ ખેંચે–આકર્ષે તે સિદ્ધાંત નિઃસંશય સત્યજ છે. વળી સૃષ્ટિનું એક એવું બંધારણ છે કે કોઈ પણ માણસ પોતાને નુકશાન–ઇજા કર્યા વગર અન્યને કશી પણ ઇજા કરી શકતો નથી; પરન્તુ અહિત ચિંતવનાર–પરને નુકશાન કરવાનું ચિંતવનાર માણસ પ્રથમ તો પોતાના જ મનરૂપી ક્ષેત્રમાં તેવાં માઠા બીજ વાવે છે અને પોતાનેજ નુકશાન–હરકત કરે છે. જો તમે પોતાનુંજ ભલું કરવા ઇચ્છતા હો તો પહેલાં અન્યનું ભલું કરવાના વિચાર કરજો. અન્યના હિત ચિંતવનથી, પરોપકારથી, દયાળુ વિચારથી પોતાનું પણ ભલુંજ થાય છે. તમારી જાત ઉપર ઘા માર્યા વગર પાડોશીને કોઇ દિવસ તમારાથી ઇજા કરાશેજ નહિ, આ નિયમ ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે. તમારા દુશ્મનને પણ ચાહો, તમને ધિક્કારે તેને પણ આશિર્વાદ આપો, તમને નિંદે તેનું પણ ભલું કરવાની ભાવના રાખો, અને તમારી ઉપર વૈર રાખનાર–તમને હેરાન કરનારના પણ ભલા માટે પ્રાર્થના કરો. આવાં ઉત્તમ બીજના વાવેતરથી તમને પણ આનંદ, સંતોષ, દયાળુપણું અને આબાદીના સુંદર ગુણોનો પ્રકાશ મળશે.

પોતાની માઠી સ્થિતિ માટે આજે ફરીયાદ કરનાર–મનમાં મુંઝાનાર! તમારે ચોક્કસ ધ્યાનમાં રાખવાનું છે કે ગઇ કાલે તમે જે વાવ્યું છે, તેના ફળરૂપે તેવી સ્થિતિ આજે તમે ભોગવો છો તેમાં ફેરફાર થઇ શકે તેમ નથી. મુશ્કેલ સ્થિતિમાંથી–હલકી–અધમ સ્થિતિમાંથી બહાર આવવા ઇચ્છા વર્તતી હોય તો આજે સારાં બીજ વાવો, સુવિચારો સેવો, એટલે આવતી કાલે તે બીજના ઉત્તમ ફળની નિષ્પત્તિ તમે જોઇ શકશો. અધમ સ્થિતિમાંથી–માનસિક અને શારીરિક હલકી સ્થિતિમાંથી તમારો ઉદ્ધાર થશે. જે કાંઇ તમે કરશો, જે વિચારશ્રેણી તમારા મગજમાંથી પસાર થશે તે બીજરૂપેજ થશે, અને તદનુરૂપજ ફળ મેળવશો. જીવનમાં મળતા કાંટા, નિંદણ જેવા હલકા ફળની ઘણાં માણસો ફરીયાદ કરે છે, પણ તેનાં માનસિક ક્ષેત્રમાં ચાલતી વિચારશ્રેણીનું–ભાવનાનું જો તેઓ પૃથક્કરણ કરશે તો તરતજ તેમને માલુમ પડશે કે સ્વહસ્તે વાવેલા હલકી જાતના બીજના ફળોજ તેને પ્રાપ્ત થયા છે. અન્ય કોઇ તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોષપાત્ર નથી. હલકા બી સ્વહસ્તેજ વાવ્યા પછી તેની ફળપ્રાપ્તિ વખતે ફરીયાદ કરવી તે તો પ્રત્યક્ષ દેખાતી મૂર્ખાઇજ છે. જો તમે આત્મભોગ, માયાળુપણું, સુખ, પ્રેમના બીજ વાવ્યા હોય, તેવાં ઉત્તમ વિચારો સેવ્યાં હોય, તો તમને કદીપણ દુઃખ, અસંતોષ મળશેજ નહિ.

ઉપર પ્રમાણે હોવાથી જીવનની સુવાસ ભોગવવા, મીઠાશ ચાખવા, મધુરતા આસ્વાદવા મનરૂપી ક્ષેત્રમાં ઉત્તમ બીજની વાવણી કરવાનોજ જરૂર નિશ્ચય રાખજો, હલકા, અધમ વિચારો પરિહરજો, દુર્ગુણોને દૂર કરજો, એટલે તેના ઉત્તમ ફળ રૂપે તમારૂં જીવન તમને બહુ સુંદર લાગશે અને ઉત્તમ બીજના ઉત્તમ ફળો ભોગવવા તમે અવશ્ય ભાગ્યશાળી થશો.[1]

કાપડીયા નેમચંદ ગીરધરલાલ.

## प्रभुश्रीसोमसुंदरसूरिपादैरुपदिष्टं

# संविज्ञसाधु योग्यं नियमकुलकम्.

૧. ત્રણ ભુવનને વિષે એક (અસાધારણ) પ્રદીપ સમાન શ્રી વીર પ્રભુને અને નિજ ગુરૂનાં ચરણકમળને નમીને સર્વ વિરતિવંત-સાધુજનો યોગ્ય ( સુખે નિર્વહી શકાય એવા ) નિયમો હું ( સોમસુંદર સૂરિ ) કહીશ.

૨. યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવ્રજ્યા ( દીક્ષા ) ફકત નિજ ઉદર પૂરણ કરવા રૂપ આજીવિકા ચલાવવા માત્ર ફળવાળી કહી છે. અને એવી દીક્ષા ( તો ) હોળીના રાજા ( ઇલાજી ) ની જેવી સહુ કોઇને હસવા યોગ્ય બને છે.

૩. તે માટે પંચાચાર ( જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય-આચાર ) ના આરાધન હેતે લોચાદિક કઠણ નિયમો ગ્રહણ કરવા જોઇએ કે જેથી ( આદરેલી ) પ્રવ્રજ્યા સફળ થાય.

### "જ્ઞાનાચાર સંબંધી નિયમો.

૪. જ્ઞાન આરાધન હેતે મ્હારે હમેશાં પાંચ ગાથાઓ ભણવી-કંઠાગ્ર કરવી અને પરિપાટીથી ( ક્રમવાર ) પાંચ પાંચ ગાથાનો અર્થ ગુરૂ સમીપે ગ્રહણ કરવો.

૫. વળી હું બીજાઓને ભણવા માટે હમેશાં પાંચ ગાથાઓ લખું; અને ભણનારાઓને હમેશાં પરિપાટીથી ( ક્રમવાર ) પાંચ પાંચ ગાથા આપું. ( ભણાવું-અર્થ ધરાવું વિગેરે )

[1] From Peace, Power & Plenty.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬. સિદ્ધાંત–પાઠ ગણુવા વડે વર્ષા ૠતુમાં પાંચસો, શિશિર ૠતુમાં આઠસો, અને ગ્રીષ્મ ૠતુમાં ત્રણસો ગાથા પ્રમાણ સજઝાય ધ્યાન સદાય કર્યા કરૂં.

૭ પરમેષ્ટી નવ પદ ( નવકાર મહામંત્ર ) નું એકસો વાર હું સદાય રટણ કરૂં.

## " દર્શનાચારના નિયમો "

હવે દર્શનાચારમાં નીચે મુજબ નિયમો હું સમ્યગ્ (યથાર્થ) ભાવે ગ્રહણ કરૂંછું.

૮ પાંચ શક્રસ્તવવડે સદાય એક વખત દેવવંદન કરૂં અથવા બે વખત, ત્રણ વખત કે પહોરે પહોરે યથાશક્તિ આળસ રહિત દેવવંદન કરૂં.

૯ દરેક અષ્ટમી ચતુર્દશીને દિવસે સઘળાં દેરાસરો જુહારવાં તેમજ સઘળાય મુનિજનોને વાંદવા. ત્યારે બાકીના દિવસે એક દેરાસરે (તો) અવશ્ય જાવું.

૧૦ હમેશાં વડીલ સાધુને નિશ્ચે ત્રણવાર ( ત્રિકાળ ) વંદન કરૂં અને બીજા ગ્લાન (વ્યાધિગ્રસ્ત) તેમજ વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ યથાશક્તિ કરૂં.

## " ચારિત્રાચાર સંબંધી નિયમો "

૧૧ હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમો ભાવ સહીત અંગીકાર કરૂં છું. ઇર્યા સમિતિ (૧)—વડી નીતિ, લઘુ નીતિ કરવા અથવા આહાર પાણી વહોરવા જતાં ઇર્યાસમિતિ પાળવા માટે ( જીવ રક્ષા અર્થે ) વાટમાં વાર્તાલાપ વિગેરે કરવાનું હું વર્જું–ત્યાગ કરૂં.

૧૨ યથાકાળ પુંજ્યા પ્રમાર્જ્યા વગર ચાલ્યા જવાય તો, અંગ પડિલેહણા પ્રમુખ સંડાસા પડિલેહ્યા વગર બેસી જવાય તો અને કટાસણા (કાંબળી) વગર બેસી જવાય તો ( તત્કાળ ) પાંચ નમસ્કાર કરવા ( ખમાસમણ દેવા ) અથવા પાંચ નવકાર મંત્રનો જાપ કરવો.

૧૩. ભાષા સમિતિ (૨)—ઉઘાડે મુખે ( મુહપત્તિ રાખ્યા વગર ) બોલુંજ નહિ. તેમ છતાં ગફલતથી જેટલીવાર ખુલ્લા મુખે બોલી જાઉં તેટલીવાર ( ઇરિયાવહી પૂર્વક ) લોગસ્સનો કાઉસ્સગ કરૂં.

૧૪ આહાર પાણી કરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં કોઈ મહત્વના કાર્ય વગર કોઇને કાંઇ કહું નહિ એટલે કે કોઇ સંગાતે વાર્તાલાપ કરૂં નહિં. એજ રીતે આપણી ( સુખે નિર્વહી શકાય અને ઉપયોગમાં લઈ શકાય એટલી બધી) ઉપધિની પડીલેહણા કરતાં હું કદાપિ બોલું નહિ.

૧૫. એષણા સમિતિ (૩)—બીજાં નિર્દોષ પ્રાસુક ( નિર્જીવ ) જળ મળતાં હોય ત્યાં સુધી પોતાને પ્રયોજન ( ખપ ) છતાં ધોણ ( વાણું જળ ) હું ગ્રહણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરૂં નહિ. વળી અણગળ (ગાળ્યા વગરનું) જળ હું લઉં નહિ અને [1]જર-વાણી તો વિશેષે કરીને લઉં નહિ.

૧૬. આદાન-નિક્ષેપણાસમિતિ (૪)—આપણી પોતાની ઉપધિ પ્રમુખ પુંજી પ્રમાર્જીને તેને ભૂમિ ઉપર સ્થાપન કરૂં તેમજ ભૂમિ ઉપરથી ગ્રહણ કરૂં. જો તેમ પુંજવા પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાંજ નવકાર મહામંત્રનો ઉચ્ચાર કરૂં (નવકાર ગણું.)

૧૭. દાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં (અસ્તવ્યસ્ત ઢંગધડા વગર) મૂકી દેવાય તો તે બદલ એક આયંબિલ કરૂં અથવા ઉભા ઉભા કાઉસગ્ગ મુદ્રાએ રહી એક સો શ્લોક વા સો ગાથા જેટલું સજ્ઝાય ધ્યાન કરૂં.

૧૮. પારિઠાવણિયા સમિતિ(૫)—લઘુનીતિ વડીનીતિ કે ખેળાદિકનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નિવિ કરૂં અને અવિધિથી (સદોષ) આહાર પાણી પ્રમુખ વહોરીને પરઠવતાં એક આયંબિલ કરૂં.

૧૯. વડીનીતિ કે લઘુનીતિ કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું, તેમજ તે લઘુ-વડી નીતિ પાણી લેપ અને ડગલ પ્રમુખ પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહું.

૨૦. મન-વચન-કાય ગુપ્તિ (૬-૭-૮)-મન અને વચન રાગમય-રાગાકુળ થાય તો હું એક એક નિવિ કરૂં. અને જો કાયકુચેષ્ટા થાય-ઉન્માદ જાગે તો ઉપવાસ અથવા આયંબિલ કરૂં.

## મહાવ્રત સંબંધી નિયમો.

૨૧. અહિંસા વ્રતે—બે ઈંદ્રિય પ્રમુખ જીવની વીરાધના (પ્રાણ હાનિ) મારા પ્રમાદાચરણથી થઇ જાય તો તેની ઇંદ્રિયો જેટલી નિવિઓ કરૂં. સત્યવ્રતે-ભય, ક્રોધ, લોભ અને હાસ્યાદિકને વશ થઇ જઇ જૂઠું બોલી જાઉં તો આંબિલ કરૂં.

૨૨ અસ્તેય વ્રતે—પઢમાલીયા (પ્રથમ ભિક્ષા ?) માં આવેલા જે ઘૃતાદિક પદાર્થ ગુરૂ મહારાજને દેખાડ્યા વગરના હોય તે હું લહું નહિ (વાપરૂં નહિ) અને દાંડો, તર્પણી વિગેરે બીજાની રજા વગર લહું-વાપરૂં તો આયંબિલ કરૂં.

૨૩. બ્રહ્મવ્રતે-એકલી સ્ત્રી સંગાતે વાર્તાલાપ ન કરૂં અને સ્ત્રીઓને (સ્વતંત્ર) ભણાવું નહિ. પરિગ્રહપરિહારવ્રતે-એક વર્ષ યોગ્ય (ચાલે તેટલીજ) ઉપધિ રાખું, પણ એથી અધિક નજ રાખું.

૨૪ પાત્રાં અને કાચલી પ્રમુખ પંદર ઉપરાંત નજ રાખું. રાત્રિ ભોજન વિરમણવ્રતે-અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચાર પ્રકારનાં આહારનો (લેશ માત્ર) સંનિધિ (સંચય ?) રોગાદિક કારણે પણ રાખું-કરૂં નહિ.

[1] રક્ષાવાળું પાણી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૫ મહાન્ રોગ થયો હોય તો પણ કવાથ ન કરૂં–ઉકાળો પીઉં નહિ, તેમજ રાત્રિ સમયે જળપાન કરૂં નહિ. અને સાંજે છેલ્લી બે ઘડીમાં ( સૂર્યાસ્ત પહેલાની બે ઘડીના કાળમાં ) જળ પાન પણ કરૂં નહિ તો પછી બીજા અશનાદિક આહાર કરવાની તો વાતજ શી ?

૨૬ આજના સૂર્ય નિશ્ચે દેખાતાં ત્યારેજ ઉચિત અવસરે સદાય જળપાન કરી લહું. અને સૂર્યાસ્ત પહેલાંજ સર્વ આહાર સંબંધી પચ્ચખ્ખાણ કરી લહું અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું–રખાવું નહિ

## " તપ આચાર સંબંધી નિયમો "

૨૭ હવે તપ આચાર વિષે કેટલાક નિયમો શક્તિ અનુસારે ગ્રહણ કરૂં છું. છું. છઠ્ઠ (સાથે બે ઉપવાસ) આદિક તપ કર્યો હોય તેમજ યોગ વહન કરતો હોઉં તે શિવાય મને અવગ્રાહિત(?) ભિક્ષા લેવી કલ્પે નહિ .

૨૮. લાગલાગાં ત્રણ નિવિઓ અથવા બે આયંબિલ કર્યા વગર હું વિગઇ ( દૂધ, દહીં, ઘી પ્રમુખ ) વાપરૂં નહિ અને વિગઇ વાપરૂં તે દિવસે ખાંડ પ્રમુખ સંબંધી વિશિષ્ઠ ( સાથે ભેળવી નહિ વાવરવાનો ) નિયમ જાવજ્જીવ સુધી પાળું.

૨૯. ત્રણ નિવિ લાગોલાગ થાય તે દરમીયાન તેમજ વિગઈ વાપરવાના દિવસે નિવિયાતાં ગ્રહણ કરૂં નહિ–વાપરૂં નહિ. તેમજ બે દિવસ સુધી લાગટ કોઇ તેવા પુષ્ટ કારણ વગર વિગઇ વાપરૂં નહિ.

૩૦. પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીને દિવસે શક્તિ હોય તો ઉપવાસ કરૂં, નહિ તો તે બદલ બે આંબિલ અથવા ત્રણ નિવિઓ પણ કરી આપું.

૩૧. પ્રતિદિન દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવગત અભિગ્રહ* ધારણ કરવા કેમકે અભિગ્રહ ન ધારીએ તો પ્રાયશ્ચિત્ત આવે એમ જીતકલ્પમાં ભાખ્યું છે.

## " વીર્યાચાર સંબંધી નિયમો "

૩૨. વીર્યાચાર સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરૂં છું. સદા–સર્વદા પાંચ ગાથાદિકના અર્થ હું ગ્રહણ કરીને મનન કરૂં.

૩૩. આખા દિવસમાં સંયમ માર્ગમાં ( ધર્મ કાર્યમાં ) પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર હિતશિક્ષા ( શિખામણ ) આપું અને સર્વ સાધુઓનું એક માત્રક ( પરઠવવાનું ભાજન ) પરઠવી આપું.

૩૪. પ્રતિદિવસ કર્મક્ષય અર્થે ચોવીશ કે વીશ લોગસ્સનો કાઉસગ્ગ કરૂં, અથવા એટલા પ્રમાણમાં સજ્ઝાય ધ્યાન કાઉસગ્ગમાં રહી સ્થિરતાથી કરૂં.

---

* અમુક વસ્તુ, અમુક સ્થળે, અમુક વખતે અને અમુક રીતે મળે તે જ ભિક્ષા વખતે લેવી–એવા પ્રકારની વિશિષ્ટ પ્રતિજ્ઞા ધારવી તે.

For Private And Personal Use Only

૩૫. નિદ્રાદિક પ્રમાદવડે મંડળીનો ભંગ થઈ જાય ( મંડળીમાં બરાબર વખતે હાજર ન થઇ શકું ) તો એક આંબિલ કરૂં. અને સહુ સાધુ જનોની એક વખત વિશ્રામણા–વૈયાવચ્ચ નિશ્ચે કરૂં.

૩૬. સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય તો પણ લઘુ શિષ્ય ( બાળ ) અને ગ્લાન સાધુ પ્રમુખનું પડિલેહણ કરી આપું તેમજ તેમના ખેળ પ્રમુખ-મળની કુંડીને પરઠવવા વિગેરે કામ પણ હું યથાશક્તિ કરી આપું.

## " સામાચારી વિષે નિયમો. "

૩૭. વસતિ ( ઉપાશ્રય–સ્થાન ) માં પ્રવેશતાં નિસીહી અને તેમાંથી નિકળતાં આવસ્સહી કહેવી ભૂલી જાઉં તેમજ ગામમાં પેસતાં કે નીસરતાં પગ પુંજવા વિસરી જાઉં તો ( યાદ આવે તેજ સ્થળે ) નવકાર મંત્ર ગણું.

૩૮–૩૯. કાર્ય પ્રસંગે વૃદ્ધ સાધુઓને 'હે ભગવાન્! પસાય કરી' અને લઘુ સાધુને ' ઇચ્છકાર ' એટલે તેમની ઇચ્છા અનુસારે જ કરવાનું કહેવું ભૂલી જાઉં, તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ પડે ત્યારે ત્યારે 'મિચ્છાકાર' એટલે મિચ્છામિ દુક્કડં એમ કહેવું જોઇએ તે વિસરી જાઉં તો જ્યારે મને પોતાને સાંભરી આવે અથવા કોઈ હિતસ્વી સંભારી આપે ત્યારે તત્કાળ મ્હારે નવકાર મંત્ર ગણવો.

૪૦. વૃદ્ધ ( વડીલ ) ને પૂછ્યા વગર વિશેષ વસ્ત્ર ( અથવા વસ્તુ ) લઉં દઉં નહિ અને મ્હોટાં કામ વૃદ્ધ ( વડીલ ) ને પૂછીને જ સદાય કરૂં, પણ પૂછ્યા વગર કરૂં નહિ.

૪૧. જેમનો શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા છતાં પણ જેમણે કંઈક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છાંડ્યો છે તેમને આ ઉપર જણાવેલા નિયમો પાળવા પ્રાયઃ સુલભ છે.

૪૨. સંપ્રતિ કાળે પણ સુખે પાળી શકાય એવા આ નિયમોને જે આદરે–પાળે નહિ, તે સાધુપણાથકી અને ગૃહસ્થપણાથકી–ઉભયથકી ભ્રષ્ટ થયો જાણવો.

૪૩. જેના હૃદયમાં ઉક્ત નિયમો ગ્રહણ કરવાનો લગારે ભાવ ન હોય તેમને આ નિયમ સંબંધી ઉપદેશ કરવો એ સિરા–સર વગરના સ્થળે કુવો ખોદવા જેવો નિરર્થક–નિષ્ફળ થાય છે.

૪૪. નબળા સંઘયણ, કાળ, બળ અને દુષમા આરો એ આદિ હીણાં આલંબન પકડીને પુરૂષાર્થ વગરના પામર જીવો આળસ–પ્રમાદથી બધી નિયમ-ધૂરાને છંડી દે છે.

૪૫. ( સંપ્રતિકાળે ) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે. વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી તથા સંઘયણાદિકની હાનિથી શુદ્ધ સ્થવીરકલ્પ પણ ( પાળી શકાતો ) નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૬. તોપણ જો મુમુક્ષુઓ આ નિયમોના આરાધન-વિધિવડે સમ્યગ્ ઉપયુક્ત ચિત્ત થઇ ચારિત્ર સેવનમાં ઉજમાળ બનશે તો તે નિયમા ( નિશ્ચે ) આરાધક ભાવને પામશે

૪૭ આ સર્વે નિયમોને જે ( શુભાશયો ) વૈરાગ્યથી સમ્યગ્ રીત્યા પાળે છે-આરાધે છે તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે એટલે તે શિવ સુખ ફળને આપેછે. ઇતિશમ્

**ઇતિ શ્રીસંવિજ્ઞ સાધુ યોગ્ય નિયમ કુલક ભાષાંતરં સમાપ્તમ્.**

મુ. ક. વિ.

# चंदराजाना रास उपरथी नीकळतो सार.

અનુસંધાન પૃષ્ટ ( ૧૦૦ ) થી.

## પ્રકરણ ૧૬ મું.

**હેમરથ** રાજાએ વીરમતીને એક સાધારણ સ્ત્રી જાણી તેના હાથમાંથી આભાનગરીનું રાજ્ય આંચકી લેવાની બુદ્ધિથી પોતાના દૂતને એક પત્ર લખી આપીને વીરમતી પાસે મોકલ્યો. તે પત્રની અંદર વીરમતીના તિરસ્કારરૂપે લખ્યું કે-"હે રંડે ! તેં જે રજપુતને છેડ્યો છે તે તારૂં રાજ્ય લેવા સત્વર આવે છે તેથી સાવચેત થઇને તૈયાર રહેજે." આવી મતલબનો લેખ લખીને દૂતને આપ્યો. તે ઘણી જમીન ઉલ્લંઘીને વીરમતી પાસે આવ્યો. વીરમતી સભા ભરીને બેઠી હતી ત્યાં આવી તેણે પત્ર હાથોહાથ આપ્યો. વીરમતી તે પત્ર વાંચતાં નખશિખ સુધી ક્રોધે વ્યાપ્ત થઇ ગઇ. તેના રોમેરોમ ખડા થઈ ગયા. તે બોલી કે-" હે દૂત ! તું તારા રાજાને જઇને કહેજે કે જો તું માણસ હોય તો હે રંડાપુત્ર ! તારા બોલવાનો નિર્વાહ કરજે અને શિઘ્ર અહીં આવજે. વળી જો તું રાણીજાયો હોય અને તારી માતાનું સ્તનપાન કર્યું હોય તો મારી નજરે તાકીદે ચડજે. જો ક્ષત્રીપુત્ર હોય તો વહેલો આવજે અને જો કેડે શેરલોહ ( તરવાર ) સાચું બાંધતો હોય તો તારૂં પરાક્રમ બતાવજે. તું પાછલા દિવસો ભૂલી ગયો લાગે છે કે જે વખતે ભૂંડે હાલે ભાગી જવું પડ્યું હતું. પણ હું તે વાત ભૂલી ગઇ નથી. વળી તેં હજુ આ વીરમતીને દીઠી નથી ત્યાંસુધી તને રણની વાતો મીઠી લાગે છે પણ તેની મીઠાશની ખરી ખબર અહીં આવવાથીજ પડશે. તને આભાનગરી લેવાનો કોડ છે તે તો પૂરો પડતો પડશે; પરંતુ તારૂં હેમાલય આંચકી લઉં તો તો તું મને ખરી વીરમતી જાણજે. કીડીને પાંખ આવે તે તેના મૃત્યુને માટેજ થાય છે તેમ આ તારૂં ચેષ્ટિત સમજજે. વળી તું મારા મનમાં તો એક ચપટીમાં ચોળી નાખવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવો છું એટલું યાદ રાખજે." ઈત્યાદિ અનેક કટુ વચનો કહીને દૂતને રજા આપી.

દૂતે હેમરથ રાજા પાસે જઇને બધી વાત કરી, તે સાથે પોતાની સલાહ પણ બતાવી કે–' એ સ્ત્રી વતાવવા જેવી નથી.' પરંતુ અભિમાનમાં આવેલા હેમરથ રાજાએ તેનું કહ્યું માન્યું નહીં અને એકદમ લડાઈ કરવાના નિર્ણય પર આવી લશ્કરની તૈયારી કરી. મદમાતા હાથીઓ, હેષારવ કરતા ઘોડાઓ, પૃથ્વીને ચૂર્ણ કરતા રથો અને શૂરવીર સુભટોને લઇને હેમરથ રાજા શીઘ્ર પ્રયાણ કરી આભાનગરી સમીપે આવી પહોંચ્યો. તેના મનમાં એમ હતું કે–" એક રંડા પાસેથી આભા આંચકી લેવી તેમાં શી મોટી વાત છે, ચઢ્યે ઘોડે આંચકી લઈશ. મારી પાસે તે અબળા શી ગણતીમાં છે? તેની શી તાકાત છે?" આમ વિચારી તે ઉતાવળો આવ્યો. પણ આભા પાસે આવ્યા પછી તો તેની ધારણા મનની મનમાંજ રહી ગઇ. અહીં વીરમતીને ખબર પડ્યા કે 'હેમરથ નજીક આવી પહોંચ્યો છે,' પણ તેની તેણે કાંઇ દરકાર કરી નહીં. પછી બહુ નજીક આવ્યો ત્યારે તેણીએ સુમતિ પ્રધાનને બોલાવીને કહ્યું કે–" હે પ્રધાન! આ હેમરથની સામાં લડવા જતાં મને શરમ લાગે છે; તેવા એક સામાન્ય રાજા સામે હું શું લડવા જાઉં, તેથી હું જવા ઇચ્છતી નથી. પરંતુ તારા વાંસા પર મારો હાથ છે, તારો જયજ થવાનો છે, માટે તું આપણાં સૈન્યને લઇને તેની સામે જા. તું કોઇ વાતની ચિંતા કરીશ નહીં. તારો વાળ વાંકો થવાનો નથી. માટે તું ડંકે ઘા દઇને સામો જા અને તેને એકદમ ઘેરી લે."

વીરમતીના વચનથી સુમતિ મંત્રીએ પોતાના સ્થાનમાં જઇને સર્વ સામંતોને એકઠા કર્યા અને કહ્યું કે–' આ હેમરથ રાજા મોટું લશ્કર લઇને આભા લેવા ચઢી આવ્યો છે. તે આપણી નગરી લઇ લેશે. તેને જીતે એવો કોઇ માએ જણ્યો ક્ષત્રી પુત્ર છે? જો હોય તો તૈયાર થઇ જાઓ. કેમકે તમારી જેવા શૂરા સામંતો છતાં જો આપણી નગરી તે લઇ લેશે તો પછી આપણે મોઢું શું બતાવશું? વળી આમાં તમારે વીરમતી સામું જોવાનું નથી; આપણે તો પોતાના કુળ સામું જોવાનું છે. વળી ચંદરાજા કુકડા થઇ ગયા છે તેથી શું? તે તમારી સેવા જાણ્યા વિના રહેવાના નથી." આ પ્રમાણેના મંત્રીના વચનોથી સૌ તૈયાર થઇ ગયા અને બોલ્યા કે–" જેણે ચંદરાજાનું લુણ ખાધું હશે તે તો આ વખત લુણહરામ થવાના નથી." આ પ્રમાણે સર્વની એક સરખી સંમતિ પડવાથી સુમતિ મંત્રીએ તરતજ સૈન્ય તૈયાર કરાવ્યું અને ડંકે ઘા દેતો સર્વ સૈન્ય સહીત નગરીની બહાર નીકળ્યો.

પછી પરસ્પર બંને લશ્કર એકઠા મળતાં પૂર જોસથી લડાઈ ચાલી, તેમાં અનેક શૂરવીરોએ પોતાનું શૂરવીરપણું બતાવ્યું, કેટલાક કાયર થઇ ભાગી ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક હાથી, ઘોડા તથા સુભટોનો સંહાર થઇ ગયો. આ યુદ્ધનું વર્ણન રાસ કર્ત્તાએ ઘણું વીરરસ ભરેલું આપ્યું છે. તેની બહુ આવશ્યક્તા ન હોવાથી અહીં તે સંબંધી વિસ્તાર કરવામાં આવતો નથી. અંતે સુમતિ મંત્રીવાળા સૈન્યે અત્યંત જોર બતાવીને હેમરથના સૈન્યને પાછું હઠાવ્યું, તેનું સૈન્ય ભાગ્યું, પરાસ્ત થયું. તે વખતે આભાના સામંતોએ હેમરથને પકડીને બાંધી લીધો અને સુમતિ મંત્રી પાસે રજુ કર્યો.

મંત્રી જય મેળવી ડંકે ઘા દેતો આભા નગરીમાં પ્રવેશ કરી વીરમતીની પાસે આવ્યો અને તેની પાસે હેમરથને ખડો કર્યો. વીરમતી તેને જોઇને બોલી કે–" અરે બળવાન્! તારા બળની પરીક્ષા જોઇ લીધી? તને મારી સાથે લડવાની ઇચ્છા થઇ પણ વિચાર ન કર્યો કે તું તો કાયમનો મારો દાસ છે! જો! મારા મંત્રીએ પણ તારો પરાજય કર્યો. હવે કહે કે–સ્ત્રી તે તું કે હું? તેં આજ સુધી શું આભા નગરીના મેદાન નહોતા જોયા કે આજ તેમાં આવવાની ઇચ્છા થઇ? પણ યાદ રાખજે કે તું હાથી તો હું સિંહ છું–તું ચકલો તો હું બાજ છું. જો મારી સીમાનું જરાપણ અતિક્રમણ કરીશ તો હું સહન કરી શકવાની નથી. તારા જેવો નિર્લજ કોણ હોય કે જે ફોગટની કેડે તરવાર બાંધીને ફરે." આ પ્રમાણે ઘણા તીરસ્કારના શબ્દોથી તેનું અપમાન કર્યું. પછી કોઇપણ પ્રકારે વીરમતીને સમજાવીને મંત્રીએ હેમરથને છોડાવ્યો અને તેને અશનવસ્ત્રાદિ આપી રાજી કર્યો. વીરમતીએ તેને કહ્યું કે–" આજથી તું મારી આજ્ઞા અખંડ ધારણ કરજે." હેમરથે કબૂલ કર્યું કે–" હે માતાજી! હું તમારી આજ્ઞા હવે કદિ પણ લોપીશ નહીં." પછી વીરમતીએ તેનું રાજ્ય તેને પાછું આપીને રજા આપી. એટલે તે સ્વસ્થાને ગયો.

અન્યદા **શિવકુંવર** નામનો નાટકીઓ બહુ જ્ઞાનકળાના ભંડાર જેવો ત્યાં આવ્યો. તેની સાથે પાંચસો માણસ જૂદો જૂદો પાર્ટ ( ભાગ ) બજાવનારાં હતાં. તે નાટકીઓ બહુ પ્રસિદ્ધિ પામેલો હતો. તેણે રાજસભામાં આવી વીરમતીને પ્રણામ કર્યા એટલે વીરમતીએ પૂછ્યું કે–" હે નટવર! તમે કઇ બાજુથી આવો છો?' શિવકુંવર બોલ્યો કે–' હે વીર નૃપતિ વલ્લભા! હું ઉત્તર પંથથી અનેક રાજાઓને રીઝવતો અને લાખ પસાય લેતો લેતો આભા નગરીની અત્યંત પ્રશંસા સાંભળીને અહીં આવ્યો છું. જેવા મેં આભા નગરીના વખાણ કાને સાંભળ્યા હતા તેવીજ આજે મેં તે નજરે જોઈ છે. હે સલુણી! તું અને તારી સભા દીર્ઘાયુ થાઓ! હવે જો આપની આજ્ઞા હોય તો હું તમારી પાસે નાટક માંડું અને તમને પ્રસન્ન કરીને મારા દારિદ્રને દૂર ફેંકી દઉં." વીરમતીએ નાટક કરવાની આજ્ઞા આપી, એટલે શિવકુંવરે તરતજ તમામ સાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૈયાર કર્યું અને નાટકીયા પણ બધા પોતપોતાનો ભાગ ભજવવા તૈયાર થઈ ગયા. હવે શિવકુંવર નવી નવી તરેહના નાટકો કરશે અને ચંદરાજાની જય બોલશે. વીરમતીના હૃદયમાં તે શબ્દો કટારના ઘા જેવા તીક્ષ્ણ લાગવાથી તે દાન આપશે નહીં એટલે કુર્કટ થયેલ ચંદરાજા દાન આપશે. આ હકીકત ખાસ ધ્યાન દઈને વાંચવા યોગ્ય છે, તે હવે પછીના પ્રકરણમાં વાંચશું. હમણાં તો આ વીર રસવાળા પ્રકરણમાંથી સાર ગ્રહણ કરવા યોગ્ય શું છે તે વિચારીએ. રાસ તો વારંવાર વાંચીએ કે સાંભળીએ છીએ અને હેમરથની હાર તેમજ વીરમતીની જીત સાંભળી મનમાં રાજી પણ થઇએ છીએ, પરંતુ તેનું અવાંતર કારણ શું છે તે ઉપર લક્ષ આપેલું ન હોવાથી તે ધ્યાનમાં આવતું નથી. અહીં પ્રથમ તેજ વિચારવાનું છે.

## પ્રકરણ ૧૬માનો સાર.

પાછલા પ્રકરણના પ્રાંત ભાગમાં કહેવામાં આવ્યું છે કે "વીરમતીનું પુણ્ય હજુ પહોંચતું છે, તેથી તે (હેમરથ) જીતી શકવાનો નથી." આ વાક્ય આ પ્રકરણમાં સિદ્ધ થયેલું આપણે જોયું છે. વીરમતી જોકે ક્ષત્રીયાણી હોવાથી શૂરવીર હતી પણ તે શસ્ત્ર બાંધી જાણતી નહોતી. તેમજ સુમતિ મંત્રી પણ મંત્રીપણું કરી શકે તેવો હતો, તેણે યુદ્ધ કરવાનું કાર્ય કદિ કર્યું નહોતું; પરંતુ અવાંતર કારણ તરીકે વીરમતીના પુણ્યે અને બાહ્ય કારણ તરીકે પુષ્કળ સૈન્યે તેને જય મેળવી આપ્યો છે. પ્રાણી એકલો બાહ્ય કારણો ઉપર મુસ્તાક રહે છે, પરંતુ જો અવાંતર કારણ સહાયક હોતું નથી તો તે કદિ પણ ફતેહમંદ થઈ શકતો નથી. જેમ બાહ્ય ઉપચાર અનેક પ્રકારના કરવામાં આવે પણ અંતરંગમાં રહેલા વ્યાધિ ઉપર અસર કરનાર ઔષધ ખાવામાં ન આવે તો વ્યાધિનું નિવારણ થઈ શકતું નથી, તેમ અહીં પણ સમજવું. તેવીજ રીતે અનેક પ્રકારની બાહ્ય ધર્મ ક્રિયાઓ કરવામાં આવે પણ જો અંતરંગ ભાવ, શુદ્ધ શ્રદ્ધાન હોય તોતે પૂર્ણ ફળદાયક થઇ શકતી નથી. નિમિત્ત કારણો બળવાન હોવા સાથે ઉપાદાન કારણની પણ શુદ્ધતા થવાની અપેક્ષા છે. સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, દેવપૂજા, તીર્થયાત્રાદિ અનેક પ્રકારની ધર્મ કરણીઓ ઘણી ઉત્તમ છે, શ્રેષ્ઠ છે, ફળદાતા છે, પરંતુ તે સઘળી અંતરંગ વિશુદ્ધિવાળા પ્રાણીને, તેવી વિશુદ્ધિ વિનાના પ્રાણી કરતાં અનંત ગુણી વિશેષ ફળ આપનારી થાય છે. વિધિપૂર્વક અને શુદ્ધ ભાવ સંયુક્ત કરેલું એક સામાયિક પણ મોક્ષ આપવા સમર્થ છે. એક વખત કરેલી જિનભક્તિ પ્રાણીનું કલ્યાણ કરી શકે છે અને ખરી રીતે એકવાર તીર્થયાત્રા કરનારને ફરીને તીર્થયાત્રા કરવી પડતી નથી; પરંતુ તેવી બધી જિનોક્ત ધર્મ કરણીમાં અંતઃકરણની વિશુદ્ધિની અત્યંત આવશ્યકતા છે. આ પ્રકરણમાં ખાસ રહસ્ય એજ વિચારવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રકરણના પ્રારંભમાં વીરમતી પાસે હેમરથનો દૂત આવે છે. દૂત મોકલતી વખતે તો હેમરથ એમ સમજે છે કે—એક સ્ત્રી પાસેથી રાજ્ય આંચકી લેતાં શી વાર લાગવાની છે? એક સપાટે રાજ્ય આંચકી લઇશ. પરંતુ પુણ્યબળ સિવાય એક પામર પાસેથી પણ કાંઈ ઝુંટવી લેવાતું નથી તો આવું મોટું રાજ્ય એકદમ કેમ મળી જશે ? તેનો તેણે વિચાર કર્યો નથી. દૂત વીરમતી પાસે આવે છે. હેમરથનો પત્ર તેને આપે છે, તે વાંચી વીરમતી ક્રોધે ધમધમે છે. તેના તરફનો ઉત્તર સાંભળી દૂત તો ઠરીજ જાય છે. તેથીજ તે પોતાના રાજા પાસે પાછો જાય છે ત્યારે તેને વીરમતી સામા ન થવાની સલાહ આપે છે. અભિમાને ઘેરાયેલ હેમરથ તેની સલાહ ઉપર ધ્યાનજ આપતો નથી. દરેક અભિમાનીની તેજ સ્થિતિ હોય છે. અભિમાનના આવેશમાં આવેલ મનુષ્ય પોતાના હિતાહિતને, કૃત્યાકૃત્યને, શુભાશુભને ઓળખી શકતો નથી, તેના નેત્રો છંદાઈ જાય છે. **શ્રી યશોવિજયજી** કહે છે કે—

**આઠ શિખર ગિરરાજ તણા આડા વળે;**
**નાવે વિમળા લોક તિહાં કેમ તમ ટળે.**

પાપસ્થાનક સઝાય.

‘ આઠ મદરૂપી આઠ મોટા શિખરો જ્યાં જ્ઞાનરૂપ સૂર્યની આડાં આવે ત્યાં નિર્મળ પ્રકાશ આવેજ નહીં, એટલે પછી અજ્ઞાનરૂપી અંધકાર શી રીતે નાશ પામે ? નજ પામે. ’ અહીં હેમરથ રાજાએ દૂતની સલાહ ન માની અને આભા નગરી ઉપર ચડી આવ્યો. પરંતુ ‘ અભિમાનનું ઘર ખાલી હોય છે ’ તે કહેવત પ્રમાણે પરિણામે તેણે હાર ખાધી અને ઉલટો હલકો પડ્યો. અહીં વીરમતીને ખબર પડી કે, હેમરથ ચાલ્યો આવે છે ત્યારે તેણે તે વાત ગણકારીજ નહીં, કારણકે તેની પાસે ત્રણ પ્રકારના બળ હતા. વિદ્યાબળ, સૈન્યબળ, અને પૂણ્યબળ. તેથી તે કોઇ પ્રકારે ચિંતાતુર થઇ નહીં. તેણે મંત્રીને બોલાવ્યો અને લશ્કર તૈયાર કરી હેમરથની સામા જવા આજ્ઞા કરી. તે સાથે કહ્યું કે—‘ તારે બીલકુલ ચિંતા કરવી નહીં. તારો જયજ થશે એમ તારે ખાત્રી રાખવી.’

મંત્રીને વીરમતીના વિદ્યાબળની ખાત્રી હતી તોપણુ તેણે બધા સામંતોને એકઠા કર્યા, તેમાં તેને એમ કહેવું પડ્યું કે—‘ આ વખતે વીરમતી સામું જોવાનું નથી. પણ ચંદરાજાનું આપણે લુણ ખાધું છે તે તરફ જોવાનું છે. ચંદરાજા કુકડો થઇ ગયા છે પણ તે આપણી હકીકત જાણ્યા વિના નહીં રહે.’ નિમકહલાલ સામંતો એકે અવાજે ચંદરાજાની આણ સ્વીકારીને લડવા તૈયાર થઈ ગયા. પછી લડાઇ થઇ જેનું પરિણામ આપણે ઉપર વાંચી ગયા છીએ. હેમરથ રાજા પકડાયો ને તેને વીરમતી પાસે રજુ કર્યો. તે વખતના વીરમતીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાક્યો ધ્યાન દેવા લાયક છે તે ઉપરથી બે પ્રકારે ધડો લેવા યોગ્ય છે. એક તો અભિમાની માણુસ કેવા વાક્યો બોલે છે તે જોવાનું છે અને બીજું અભિમાનીને પણ કેવા વાક્યો સાંભળવા પડે છે તે જોવાનું છે. આ જગતમાં અભિમાન કોઇનું રહ્યું નથી. મોટા મોટા મહર્દ્ધિક રાજાઓ રાવણ, દુર્યોધન ને જરાસંધ જેવા પણ ચાલ્યા ગયા, જેના નામ નિશાન રહ્યા નહીં; એટલુંજ નહિ પણ તેનું માન પણ જાળવ્યું રહ્યું નહીં. 'આ જગતમાં શેરને માથે સવાશેર હોયજ છે' એ કહેવત યાદ રાખવી. વળી પોતે અભિમાનમાં આવી જઈ કોઇને હલકા માનવા નહીં. કારણકે આપણે જેને હલકા માનીએ તેનામાં પણ વખતે કાંઇક મહત્વ હોય છે. હેમરથ પોતાની સ્થિતિ સમજી જઈ સમાના ભણે છે એટલે કે જેટલી જોઈએ તેટલી નમ્રતા બતાવે છે. મંત્રી વીરમતીને સમજાવી તેને છોડાવે છે. અભિમાની માણુસો સામો માણુસ નમે એટલે પોતાની સાધ્યસિદ્ધિ થયેલી માને છે, તેથી પછી તેને વધારે હેરાન કરતા નથી. ઉત્તમ પુરૂષોનો ક્રોધ પણ પ્રણામ પર્યંતજ હોય છે. અહીં વીરમતી હેમરથને તેનું રાજ્ય પાછું સોંપે છે અને હેમરથ વીરમતીની આજ્ઞા કાયમ પાળવા બંધાય છે. જુઓ! કેટલો પ્રયાસ કર્યો, કેટલા માણુસોના પ્રાણ લેવરાવ્યા, કેટલો વખત ખોયો, કેટલું માન ગુમાવ્યું અને શું પરિણામ મેળવ્યું? પરિણામનો વિચાર કર્યા વિના જે કાર્ય કરવામાં આવે છે તેનું છેવટ આવુંજ આવે છે.

અહીં હેમરથનું પ્રકરણ સમાપ્ત થાય છે. વીરમતીના અભિમાનીપણામાં આ કારણથી વૃદ્ધિ થાય છે. હવે નવું પ્રકરણ શરૂ થાય છે. તેમાં શિવકુંવર નાટકીયાનું પાત્ર વધે છે. એ એક અદ્ભુત નાટકકાર છે. અનેક રાજાઓને રીઝવીને તે અહીં આવેલ છે. અહીંના રાજ્યની અંતરંગ સ્થિતિથી તે પૂરો જાણીતો થયેલ નથી. રાજગાદી ઉપર વીરમતીને બેઠેલી જોઈ, જોકે તે તેને આશિર્વાદ આપે છે અને નાટક કરવા માટે તેની આજ્ઞા માગે છે; પરંતુ તેના ખ્યાલમાં આભાનગરીનો રાજા ચંદ છે એમજ છે, તેથી તે પોતાના નાટકને પરિણામે ચંદ રાજાનોજ જય બોલવાનો છે કે જે જયનું પરિણામ વીરમતીના, ગુણાવળીના અને ચંદ રાજા વિગેરેના સંબંધમાં જુદી જુદી રીતનું આવવાનું છે તે આપણે હવે પછીના પ્રકરણમાં વાંચશું. અહીં આ પ્રકરણમાંથી તો વગર વિચાર્યું કાર્ય કરવું નહીં અને અભિમાનના આવેશમાં આવવું નહીં એટલુંજ રહસ્ય ગ્રહણ કરવાનું છે તે ગ્રહણ કરવું અને શિવકુંવર નાટકીઆનું નાટક જોવા સાવધાન થઈ જવું. આટલું કહી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાઈ શ્રી નાનાલાલ મગનલાલનું આગમન.

અમારી સભાના સભાસદ **ભાઈ શ્રી નાનાલાલ** ઇન્ડીયન મેડીકલ સર્જનની લાઇનનો અભ્યાસ કરવા વીલાયત ગયેલા તે સુમારે ચાર વર્ષ ત્યાં રહી દરેક પરીક્ષામાં પહેલીજ વખતે પસાર થઇ આઇ. એમ. એસ. ની માનવંતી ડીગ્રી મેળવી ગઇ તા. ૧૦ મી એ મુંબઇ ઉતર્યા હતા. તેઓ તા. ૧૨ મી એ ભાવનગર આવી ચાર દિવસ રહી શ્રી સિદ્ધાચળજીની યાત્રાનો લાભ લઇ તા. ૧૭ મી એ મુંબઇ તરફ રવાને થઈ ગયા છે. ત્યાંથી બેંગલોર ખાતે તેમની નીમનોક થયેલી હોવાથી ત્યાં જવાના છે, અને તરતમાંજ પોતાનો ચાર્જ લેવાના છે. ભાઈ શ્રી નાનાલાલ દશાશ્રીમાળી જૈન છે, ભાવનગરના વતની છે, પ્રકૃતિએ શાંત છે, માત્ર ૨૫ વર્ષની નાની વયમાં ઘણો સારો અભ્યાસ કર્યો છે. એમણે મેળવેલી ડીગ્રી ઘણી ઉંચા દરજ્જાની છે. તે સાથે મોટી રકમનો પગાર અપાવનારી છે. તેમનો હોદ્દો ઘણો ઉંચો ગણાય છે. આપણી કોમમાં તેમજ કાઠીયાવાડ ને ગુજરાતમાં આમણે આ પહેલવહેલીજ ડીગ્રી મેળવી છે. તેઓ **ભાઈ શ્રી નરોતમદાસ ભાણજીની** ઘણી ઉદારતા ભરેલી સહાયથીજ આ મોટા ખર્ચે મેળવી શકાય તેવી ડીગ્રી મેળવવા ભાગ્યશાળી થયા છે, ભાઇ શ્રી નાનાલાલને જેટલી મુબારકબાદી ઘટે છે તેટલોજ તેમના સહાયક ભાઇ શ્રી નરોત્તમદાસને ધન્યવાદ ઘટે છે. લાંબા વખત સુધી દૂર દેશમાં સ્વધર્મ જાળવીને રહેવું અને બીલકુલ પ્રમાદી થયા સિવાય અભ્યાસમાં મંડ્યા રહેવું તે દ્દઢ મનના માણસથીજ બની શકે છે. આવી મોટી ડીગ્રી મેળવીને આવ્યા છતાં તેમની નિરભિમાની વૃત્તિ એટલી બધી ઉત્તમ છે કે તેમણે મુંબઇ ખાતે તેમજ ભાવનગર ખાતે આપવાને ઈચ્છેલા માનપત્રનો ઘણો આગ્રહ છતાં પણ સ્વીકાર કર્યો નથી. આવી વૃત્તિ તેમના બીજા ગુણોને પણ વિશેષ દીપાવે છે. તેઓ મેળવેલી ડીગ્રી લાંબા વખત સુધી ભોગવો અને પોતાના કાર્યમાં ફતેહમંદ થવા સાથે વિશેષ પ્રકારે ધર્મારાધન કરી પોતાના આત્માનું કલ્યાણ કરો અને અન્યને સહાયક બનીને ઉત્તમ માર્ગે ચઢાવવામાં સાધનભુત બનો એમ ઇચ્છી આ ટુંક લેખ સમાપ્ત કરવામાં આવે છે.

---

## શેઠ રતનજી વીરજીનું અત્યંત ખેદકારક મૃત્યુ.

જૈન કોમમાં અગ્રેસર, ભાવનગરના શ્રાવક સમુદાયમાં શાંતતા ને ઉદારતા માટે પંકાયેલા, અમારી સભાના વાઈસ પ્રમુખ શેઠ રતનજી ભાઇ અશાડ વદી ૮ મે પંચત્વ પામ્યા છે. તેમના મરણથી આખી જૈન કોમમાં ઘણી દિલગીરી ફેલાણી છે. તેમણે પોતાની જીંદગીમાં અનેક ઉત્તમ કાર્યો કરેલાં છે તે સંબંધી વિસ્તારથી હકીકત હવે પછીના અંકમાં આવનાર છે, હાલ તો માત્ર એક પુરૂષ રત્નની પડેલી ન પુરાય તેવી ખોટની નોંધ લઈ તેમના પરિવારને શાંત્વન આપીએ છીએ અને તેમના અમર આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

---

For Private And Personal Use Only